Appendix-5 ~~[illegible]~~-6



'સાગર'નાં અપ્રસિદ્ધ કાવ્યો : પરિશિષ્ટ ૪

૧

## રોષાર્ત સખાને

ત્હમારા જેવાને બહુ બહુ સમે શિક્ષણ દઈ,
હવે મ્હારી શક્તિ કંઈ કંઈ, સખે! દુર્બલ થઈ;
છતાં આશા રાખું હજી પણ વધુ કાંઈ કથવા,
તું જેવા બન્ધુની ચલિત મતિનો ધ્વંસ કરવા.

સખે ! કહેવાનું તો ઘણું ખરું ત્હને મેં કહી લીધું;
હવે મ્હારે બાપુ ! સઘળું રહ્યું છે ફકત કરવું ;
હવે તો પ્રાર્થું છું કથન મુજ કૈં કાન ધરવા,
અને ત્હારી બુદ્ધિ ભ્રમિત સહુ યે દૂર કરવા.

વળી, શ્રધ્ધા, આશા પુનિત હૃદયે પૂર્ણ ધરવા,
અને સીધે રસ્તે વગર અટકયે ઉન્નત થવા—
સખે ! હાવાં મ્હારું કથન તુજને કૈં પણ ગમે,
અરે ! કહેવાનું તો કહીશ વિણ ભીતિ હજી ત્હને.

૧૨–૪–૦૭

— + —

## ૨

## પ્રભુ પ્રાર્થના

શ્રી પરબ્રહ્મ પરમેશ, સ્નેહસ્વરૂપ સ્વામી સાચા !
તું મૂંગાને પણ દેવ, દયાનિધિ દેતો વાચા !
અનુકૂલ ઇચ્છાને આપ, ઇશ અવિનાશી થાજો !
કરી અપરાધો સહુ ક્ષમા, પ્રભુ પોતે કર સ્હાજો !

અમ રંક હૃદયના આપ નાથ, નિયામક થાવા,
વિનવું વિભુ વાચક વિષે બુધ્ધિની શુધ્ધિ કરાવા:
વિદ્વાન બન્ધુઓ વસે, જાણીતા ત્હોય ઊંઘે છે !
પૂર્વે સૂર્યોદય થતો, તો ય કયાં કોઇ જુએ છે !

વસ્તી, વિદ્યા, વ્યાપાર, પુજ્યતઃ ઋષિમુનિ યોની –
કયાં ગયું સર્વ બ્રહ્મત્વ ? જાગીને જરા જુઓની !
ઊઠો ધરી ઉત્સાહ, એકતા કરવા માંડો !
ડહાપણથી કરી વિચાર, કારણો શોધી કહાડો !

લઇ ઝૂંડો આગળ વધો, કાર્ય અનુપમ કરવાને –
ખોટી તકરારો ત્યજી, માત્ર સન્માર્ગ જવાને !
નિજ દેહ તણો સૌ સ્નેહ–સ્વાર્થ પોતાનો ત્યાગી,
પરહિતમાં અમને પ્રેર – એજ લઇએ પ્રભુ માગી.

ચળકે સઘળે બપ્પોર ! અમે અન્ધારે રહીએ !
પ્રભુ ! હવે દિશા સૂઝાડ, અમે અન્ધારું ત્યજીએ !
કરી સ્નેહ પરસ્પર – સર્વ બન્ધુ એકત્ર થઇએ !
ભૂલ્યા ત્યાંથી ભગવાન ! ફરીથી ગણતાં ભણીએ !

"નથી પરિણામે અધિકાર માત્ર "કર્તવ્ય" વિશે છે"!
પાકું સ્હમજી એ સૂત્ર , યત્નમાં મંડયા રહીયે,
બાળકો પડયાં બેભાન ! હવે [illegible]મતિ આપો !
બીજું વદીએ શું વિશેષ ? હૃદયમાં એ જ બળાપો !.

૩૦-૧૨-'૦૭

– – + – –

૩

## સખે ! હા ! સ્હેવું શી રીત્યે ?

દર્દીનું દર્દ લખી ન શકાતું :
કોઇકને ઉર ના ઉઘડાતું :
ના અથવા મૂકી પોક રડાતું :
સ્હેવું એ નિર્મ્યું.
હવે તો, સ્હેવું એ નિર્મ્યું.

નયન ફરી ફરી અન્ધ બને છે :
શોણિતધાર છતાં ન વહે છે :
છૂપો છૂપો શો અનલ દહે છે :
સ્હેવું શી રીત્યે ?
સખે ! હા ! સ્હેવું શી રીત્યે ?

૧૬-૯-'૧૧.

૪

## દેવીની મૂર્તિને

હમે શોધ્યું બધું જંગલ: મળ્યું ના ! ના દીઠું, દેવી !
ગુમાવી ઝિન્દગી ત્યારે મ્હને મોડી મળી, દેવી !

હશે શું સ્વપ્ન કે સાચું ? સ્હમજ પૂરી નથી, દેવી !
તપ્યો તાપ તે ધૂને જાગી: પિછાની લીધું ત્હેં દેવી!

હું જાણું છું : શિખાવે શું ? અરે તું સ્નેહની દેવી !
ત્હને આ ચર્મના હસ્તે ઘટે અડવું નહીં દેવી !

ઘણાં વૈવિધ્ય ચેતનનાં દીઠાં તુજ મૂર્તિમાં: દેવી !
લીધાં આકાશ આકાશે મિલાવી મીઠડાં: દેવી!

ન ચાહું મૂર્તિપૂજા કે નહીં ખુબસૂરતી ! દેવી !
પૂજું છું તે છૂપેલી છે સુરતમાં મૂર્તિ: ઓ દેવી!

"ચહાવું" ને "સહેવું" એ જીવનનો મન્ત્ર છે દેવી !
ચલાવે વિશ્વનાં વિશ્વો અચલ એ તન્ત્ર ઓ દેવી!

વદન આ હો અગર ના હો ! ગમે તે થાઓ ઓ દેવી !
મગર મારું હૃદય ત્હારું કરીશું એક હો! દેવી !

ભલે દુનિયા ડહાપણમાં રહે ડૂબેલી: ઓ દેવી !
અહીં તો સ્નેહસાગરની અનેરી રેલતી હેલી !.

૧૮-૧૧-૦૮

oo+oo

૬

૫

## જ્ઞાનસુધા માટે પ્રાર્થના

ઓ પ્રભુ ! જ્ઞાનસુધા વર્ષાવો !
જ્ઞાનસુધા-રસપાન કરાવો !
લાયક થઇ લઇયે, પ્રભુ લ્હાવો !
ગુર્જરીનાં બાલો.

આ ઉરતન્ત્રતણો તું નિયામક !
તું પ્રભુ જ્ઞાનસુધા - રસદાયક !
ઉત્સુક તૃષિત સુધા - રસવાચકા !
બાલક ગુર્જરીનાં !

૩૧-૧-૦૯

૬

## ત્હારા પત્રો

પ્રિયે ! ત્હારા પત્રો ફરી ભરી નેત્ર નિરખું !
મળે પાછું આજે મુજ હૃદયને રોઇ પડવું !
મ્હને લાંબે દહાડે રુદન મળતું પુનિત થવા :
ચહું છું રોવાનું સતત: જગ આ એથી જીતવા:

સખી ! આ દૃષ્ટિ તો તુજ હૃદયને યોગ્યજ નથી,
નથી હેયું મ્હારું તુજ નજરને લાયક હજી !
નથી ત્હારે માટે પ્રિય ! હજી હું પૂરું તપ તપ્યો:
હજી અશ્રુનો આ હૃદયઉદધિ છે ન ઉલટયો.

સખી ! ત્હારા પત્રો ! તુજ હૃદયનું તેજ વિમળું !
અને મ્હારું કયાં આ હૃદય અપરાધી ય નબળું !
સખી! ત્હારા પત્રો ! નિરખી ન શકું, ઓ પ્રભુ! હજી !
જતો હું ઝંખાઇ: હૃદયહીન છું પામર નકી.

અહા ! એ પત્રોમાં અમિત તુજ ઔદાર્ય વસતું !
અહા ! હેયું એમાં પ્રણયરસથી શું ઉભરતું !
અહા ! કયાં એ દૈવી હૃદયદ્યુતિનું દર્શન, પ્રભુ !
અને કાર્પણ્યે કયાં હૃદય મુજ શૈત્યે પડી રહ્યું !

૮

અહો, વ્હાલી! ત્હારા હૃદયરસ ઊર્મિ વહી રહ્યા,
પડે દૈવી પત્રો મુજ કર વડે કેદ કરવા !
અહો! પ્રેમી! પ્રેમી! વિશદ ઉર ત્હારૂં નિરખવા !
અને એ સેવાર્થે તપીશ તપ હું લાયક થવા.

તપાન્તે આ મ્હારૂં ઉર ક્રૂર વધુ આર્દ્ર બનશે
તપાન્તે ભો ત્હારૂં પૂજન ઉર આ પામી શકશે;
તપાન્તે જ્યાં સુધી પ્રણયી ઉરનું દર્શન થશે,
તહીં સુધી ચાહું: હૃદય મુજ છો નિત્યજ તપે.

ભલે પત્રો ત્હારા તહીં સુધી પૂરાતા, પ્રિય સખિ !
જરા છેદૂં છે તો ત્વરિત રુચિ યે યુક્ત જનથી !
સખિ ! ત્હારા પત્રો ! પૂજન મુજ એ સાચવીશ હું !
અને કો દિ કો દિ પૂજન કરતા ભીંજવીશ હું !

સખિ ! ત્હારા બધા પત્રો મૂકું છું આજ તો અરે !
એક દિ સ્નેહના દૈવી હીરાના હર્ષ એ થશે .

૯—૯—'૦૯

૯

૭

## શમણું

શમણાં વ્હાલેરાં !
શમણાં મોંઘેરાં !
શમણાં આવ્યાં ને નયણાં ભીંજાવ્યાં !
હૈડાં હરખાવ્યાં અપાર !
શમણાં વ્હાલેરાં !
શમણાં મોંઘેરાં !
ધન્ય સંભારણાં ! ધન્યજ શમણાં !
ઉર અજવાલનહાર !
શમણાં વ્હાલેરાં !
શમણાં મોંઘેરાં !
ધન્ય વ્હાણેરાં વાચાં અનેકશઃ !
એવાં આવો હઝાર –
શમણાં વ્હાલેરાં !
શમણાં મોંઘેરાં !
ધન્ય નિંદલડી ! ધન્ય સ્હેજલડી !
ધન્ય હૃદય સોહાય !
શમણાં વ્હાલેરાં !
શમણાં મોંઘેરાં !
ધન્ય અલબેલડી ધન્ય આંખલડી,
તરસ દરસથી ધરાય –
શમણાં વ્હાલેરાં !
શમણાં મોંઘેરાં !

૧૦

માગું રાતલડી એવી જ એવી । જાગર્તિ ન જરાય ।
ઉર પળાય સુદાય ।
શમણાં વ્હાલેરાં
શમણાં મોંઘેરાં ।
આવો આ ઉરમાંહ્ય
શમણાં વ્હાલેરાં ।
શમણાં મોંઘેરાં ।

૧૪-૯-'૦૯

૮

## પુરાણી દેવકથા

ભર્ગ વરેણ્યે વ્યાપ્ત વિભુ જે :
મન્ત્ર જપણનો તન્ત્ર હલાવે :
પૂર્વ સ્મૃતિયે સુધા વરસાવે –
ભીંજાવે હૈયું –
નમાવે આજે – ન વનૃત્યેં !

પોતે સત્ય રૂપે સવિતોદ્‌ભુત :
સત્ય પ્રભુત તે પ્રભોદ્‌ભુત રોહિત :
તેથી હરિત: શ્રી ચમ્પ પ્રભુત –
પ્રણિર્મિત પુરી ચમ્પા:
પુરાણી – એવી – દેવ કથા.

સુદેવ તહીં ! ત્યાં વિજય થયેલા !
એ જ પ્રવાહે પ્રભુજી છૂપેલા
હા ! શાશ્વત શા પ્રલેખ લખેલા !
તાજા આજ – થતા –
વિધાતા ! ત્હારી અગમ્ય કથા !

એ જ સવિતૃ – શુચિ કુલમાંથી –
સગર ભગીરથ સ્નિગ્ધ–મહારથી !
સૂર્યથી દશરથ – રાઘવ–આદિ –
ખ્યાતિ કહી વ્યાસે –
સનાતની – કોઇ – એ – જાણે !

સગર સમુદ્ર – પ્રતાત મનાવ્યો :
સ્વર્ગીય ગંગા ભગીરથ લાવ્યો !
હા ! શો ભર્ગ–પ્રભેદ બતાવ્યો–
વ્યોમ પટે ચીતર્યો !
ચિતારો એ અદ્ભુત કેવો !

પામું ન ભેદ ! વિરામું ! નિહાળું
આશામાં – હા! હા! અજવાળું !
એ જ વધાવું ! વિધાતૃ – સવિતૃ
આજ અભિનન્દુ
ત્હને તે તે પ્રણયે વન્દું !

સત્ય સનાતન બાલ સવિતા :
રોહિત – હરિત અહા!– પુરી ચમ્પા !
સગર ભગીરથ હા! સુરગંગા !—
આજે – આ – પ્રણમે
અધૂરું – હા ! અહા ! ઉર છલકે !–

૧૧–૧૦–'૦૯

૯

## એક સભા

સભા ભરાતી હતી :
ને ઇન્સાફ ચૂકવવાનો હતો.
વખ્ત બેવખ્ત હતો—
સન્ધ્યાકાલ પછીનો સમો હતો,
મ્હોં મ્હોંને સુઝે નહીં તેવો
સૂરજની ગેરહાજરીનો ઠરાવેલો હતો
આકાશ બધું આવરેલું હતું કાળા મેશ જેવા વાદળે.

મેદાન મ્હોટું ન્હોતું:
ઝાડબીડનું તો નામે ન્હોતું:
ને રણવગડતો સ્તો ! પણ રણે કાંટાળું હતું.
બેશુમાર હતાં ઊંડા ઘરા ને અન્ધારી ખોન્બખોલો
ત્યાં – ત્યાંજ મુકરર કરેલો હતો એ સભાનો મુકામ,
એક ખરબચડી ને ખૂબ ખવાઇ ગયેલી ખાઇમાં.
આવનારાં તો આવ્યાં !
કોઇ મોડાં, કોઇ વ્હેલાં :
કોઇ બેઠાં, કોઇ ઊભાં :
કોઇ નાચતા , કોઇ કૂદતા :
ને ચક્કર ચક્કર કોઇ ફૂદડી યે ફરતાં
જાતની સગવડ ખાસ કરીને સાચવતાં
અણસરી ખડા ધાટે છતાં ય કેવાં
દેખાતાં જાણે બધાં ય સરખાં જેવાં !
ખાસ કરીને આજે જ ને અત્યારે સ્તો !
બાકી ઊતરે એવું તો કોઇ યે ન્હોતું.
વિરૂપ ને વિરસની વિલક્ષણ બલિહારીમાં.

શરૂ થયું કામકાજ,
પ્રમુખ કોઇ યે ન્હોતું,
ને એ સર્વાનુમતે હતું,
સૌ વિમુખ હતાં ઘણે ભાગે તો
પરસ્પરથી અન્તરમાં.
ફકત સમ્મત હતાં સર્વે જણ એક બાબતમાં
મુદ્દાની ને સભાના હેતુની,
આજની સભામાં સૌને સરખું વળગ્યું હતું.
શત્રુના શત્રુ તે બધાય મિત્ર,
એવું એક નીતિવેત્તાનું વચન છે :
ને સભા એ જ ધોરણ પર હતી.

પ્હેલું કામ ઉકેલવા માંડયું :
સવાલ મુકાયો એ પંચ વચ્ચે
ફરિયાદ રજૂ થઇ :
ઇન્સાફ સૂરજનો કરવાનો હતો,
ને કચેરી હતી કલમબાજ ઘૂવડોની.

વાદી ઘણા હતા ને વાદીલા હતા જન્મથી :
પ્રતિવાદી ગેરહાજર હતો.
એટલામાં એક ઘૂવડે ઘોષ કર્યો :
જબરો ઢોંગી હતો એ ડહાપણનો
"જાતનો આંધળો તેથી કરે સ્તો આપણી ઇર્ષા"
"જવા દો એ બિચારાને"!
"અન્ધ છે ! અસહાય છે !"
કોઇએ માન્યું ને કોઇયે ના માન્યું !

તેજની મૂર્તિઓમાં એ ખળભળાટ થયો ખરો !
એક જણે પાછી જોરથી દરખાસ્ત કરી :
"ડર્યો છે એ ! ડર્યો છે એ !"
"જતો કેવો રહ્યો બ્હીને ! સભાની વાત જાણીને !
"હાંજાં જ ગગડી ગયાં !

ઘણાંને એ ગમ્યું
કેમ કે બોલનારો ધૂવડ દાઢીવાળો
ને હતો દંભી હુંશિયાર !
પાછો હતો પાકો ખુર્રાટ !
વાત બહુમતે મંજૂર !
ને હુકમનામું સૂરજ પર –
કાયમનું – (પોણા બાર કલ્લાક માટે બરાબર !)
તહોમતદાર ગેરહાજર !
ને તેથી એનો દાવો બરતરફ !
આફતાબનો ઇન્કાર ! નૂરનો ઇન્કાર !
ને ફેંસલો બધો પાર !
કર્યો એ મુજબ બહિષ્કાર
સૂરજનો, સૂરજના તેજનો
ને સૂરજના તેજસ્વી દેશનો પણ
વગેરે વગેરે.

જુઓ દિગ્વિજય મ્હોટો કર્યો છે.
ને યુધ્ધ સિવાય કર્યો છે !
અન્ધારામાં બધેજ કીર્તિ થઇ ગઇ :
ને ભાટચારણોની તો મ્હોટી ભૂલ છે,

૧૬

ત્હેમાંજ કીર્તિ નથી ગાતા
પ્રકાશના એ પરમ વિજેતાઓની.
બરખાસ્ત ! સભા બરખાસ્ત !
જુઓ અનલહક્ક મનસૂરનો :
ને અનલ મહબૂબ મજનૂંનો :
મગર, અન્ધારાનો હક્ક છે કોઇનો?
નૂર બહાદુર ઘૂવડખાન વગર ?
અન્ધારાનો હક્ક જીત્યો છે !
ને બધી સભા ભરાઇ હતી,
તે ઠલવાઇ ગઇ છે – આખીને આખી !
અરે, બરખાસ્ત થઇ ગઇ છે !

ત્યારે પ્રકાશથી સર્વોપરિ છે ઘૂવડો,
ને આંધળાં તમામ !
બોલો ! કોઇ કબૂલશો ?
કે હજી પણ નહીં?

૯.૧૨.૦૯.

ጰጰጰ
ddd
ጰጰጰ

૧૦

## એક પત્ર

પત્ર લખું કે પત્રિકા લખું ?
હાથથી લખું કે હૈડાથી ?
હૈડું હાલે છે પણ લખતું નથી :
મગર હાથ લખે ને હૈયું લખાવે.

પણ,સવાલ છે ! સવાલ છે !
હક્ક છે કે નહીં લખવાને
એ સવાલ છે ! હક્કનો સવાલ છે !
હક્ક તો અનલહક્ક એક જ છે !
ને બીજું બધું જ નાહક છે !
છતાં, દુનિયાએ હક આપેલો છે ને !
વાંચનારી આંખો કેદી છે દુનિયાની !
હરકત ખરી તેથી લખવાને ?
અગર અરઝની જરૂર છે કે,
દરગુઝર કરવાને વાસ્તે !
સવાલો છે એવા ઘણાયે !
પણ, 'પત્ર લખું કે પત્રિકા ?
પયગામ મોકલી શકાય તો ?
અહીં તો આવે છે કોઇ કોઇ વાર
પયગામ લખનારા લાયક ફિરિસ્તા.

૧૮

પાછા ચે જાય છે કોઇવાર
આંગણે આવીને જ !
અગર ડોકીઉં કરીને તુરત !
પખવાડીઆની વાત પર આવેલા:
આંસુની ફિલસૂફી કહેવાને
ને પૈશ–છાશનું ભોજન જમવાને.

મગર, કયાં છે પયગામની પરિભાષા,
તમલોકની આ દુનિયાદારીમાં ?
અજાયબ ને અજાણી છે એ તો !
નહીં કહું ! નહીં કહું ! અત્યારે નહીં કહું !
વરવી લાગે ને વસમી પડે!
દુનિયાદારીના લોકને !
કે બદહજમી કરે હરગિઝ
દોરંગી દુનિયાના દીવાનાને !
ત્યારે, લખું તે શું ?
પત્ર નહીં, પત્રિકા નહીં, પયગામે નહીં !
ત્યારે લખાય જ શું ?
ચિટ્ટી પર લખું તો ?
ચિટ્ટીને મુનાસિબ છે ચિટ્ટી :
મગર ગેરકાયદે છે એ તો
ઇશ્કના ને અંજામના ખ્યાલથી.

ત્યારે, કહેવરાવી દઉં એવું ? કે,
"ખુશીમાં છું ને ખુશીમાં હશો !"
એ હંમેશ ચાલી શકે છે : નહીં વારૂ ?

બહુ તન્દુરસ્ત લખ્યું છે એ તો !
મગર, સાચું નથી ! સાચું નથી !
જૂઠું છે – જૂઠાણું છે એ અહીં તો !
ખુશીમાં નથી ! હું ખુશીમાં નથી !
ને એનું તો સબબ છે !
"સ્વસ્તિ શ્રી" અહીં નથી
એજ મોટું, ખરૂં ને ખાસ કારણ છે.
તો, કશુંજ લખાય નહીં, કાં ?
ત્યારે શું કરશો ત્હમે ?
અહીંને માટે, ને તહીંને માટે ?
હું શું કરીશ તે પૂછવાનું છે ?
અને – તેની તો બિનવાકેફગારીજ કયાં છે?

હમણાં તો નથી જ લખતો, ત્યારે,
હજી ફુરસદ તો બધાને છે !
ને થોડુંક તો હરેકે વિચારી શકે !
ને બહુ જ જરૂરનું છે જે.
માટીમાં છૂપેલા અજબ માનવીના
હવેના ને કાયમના હાલ માટે.

સલામ, ત્યારે અત્યારે તો !
ન્હાનકડી ને સાચી સલામ કરૂં છું !
ને લખવું મોકૂફ કરું છું.

૧૧. ૧૨. ૦૯.

૧૧

## દરિયાઇ સફર

આજે સખી ! સફર સાગરમાં કરૂં છું,
ને પૂર્વની સફર સાગરની સ્મરૂં છું;
સૈયારી તે સફર આ ઉરને હલાવે,
ભારીમૂકેલ દવ અન્દરનો ઉછાળે.

શા નીલકૃષ્ણ જલના ધૂધવે તરંગો!
એવા અનેક ઉર ઊર્મિ અનુભવ્યા છે !
આકાશમાં અજબ શાં નવરંગી ચિત્રો !
તેવાં ઘણાંય ઉર સ્વીન રમી રહ્યાં છે.

આ ગિરનાર દૂર દૂર ખડો રહ્યો છે,
ત્હેવા જ કોઇ ગિરિના મૂલમાંથી જન્મી
કેવો પ્રવાસ કરી પૂર્ણ સખી સરિતા +
અન્તે સમુદ્ર સહ શી સમરૂપ થાતી !

આહા! અહીં નદી નથી જુદી સ્વ સ્વરૂપ !
સ્વામી સમુદ્ર સરિતા સખી એક રૂપ !
એ એ જ એ પ્રણયે જીવનધર્મ એ છે !
ને એ જ કૈં ખટક આ દિલમાં ખૂંચે છે !

+ ચોરવાડની નજીક એક નદી દરિયાને મળે છે.

જાણું છું ત્હોય હજી છેક અજાણ, વ્હાલી!
કીધો પ્રવાસ બહુ ત્હોય રહેલ બાકી !
આ અબ્ધિ પર્યટનથી સહુ થાય તાજું,
જાણું છું આજ ફરી છે ઉર છેક કાચું.

થાકેલ એકલ હતો ગભરાયેલો હું
મ્હોટા અતિશય પ્રવાસ વિષે ભમીને,
ડૂબેલ ક્ષાર જલમાં ગતિહીન રોતો,
પામેલ લેશ પણ ના દિલમાં દિલાસો:

આશા નવીન ઉરમાં ઉપજાવનારી,
ને વિશ્વ અન્તરપણું અજવાળનારી.
ત્યાં તું પધારી પ્રભુપ્રકૃતિની સુમૂર્તિ !
ને દગ્ધ પામર ઉરે ઉડી જાય સુસ્તી!

નિર્માણ ! કિન્તુ નવ થાય પ્રવાસ સાથે !
એ એ જ એ જ રચ્યું ભાવિ શું વિશ્વનાથે !
હા ! વ્હાલી! અસ્તુ ! મુજ ભાવિ ભલે ગમે તે !
ચિન્તા ઉરે ઉર તણી, ઉર જે ખમે છે.

શું શું સ્મરું ? સ્મરું શું ના ? સુઝતું કશું ના !
વીતેલ તું પર પ્રિયે ! વિસરાય ના! ના!
સાથે પ્રવાસ કરવા નીકળ્યા સમુદ્રે !
કેવાં ત્હને વિકટ સંકટ ત્યાં નડેલાં !

૨૨

સુણ્યું। મહા 'પ્રણયજીવન' ધર્મનૌકા
સંસાર દુઃખી ભવસાગર પાર જાવા !
ઝોકાવ્યું કિશ્તી મહીં પ્રેમ પ્રભુ સ્મરીને !
નૌકા હતી ઉદધિમાં બહુ કોશ આઘે.

પામ્યો સ્વહસ્તગત તું હ્રદયેશ્વરીને
હંકારી કિશ્તી સખિ ! નાવિક મ્હેં થઇને !
કિન્તુ અકૌશલ જ નાવિક મૂર્ખ કેરૂં,
વા, વાવડો ન અનુકૂલ હતો, સખિ ! રી !

થોડાંક બ્રાયકદમો તજીને કિનારો,
ત્યાં હોડકું સખિ ! સલામત ના દીસે છે !
ઊર્મિ અનેક અથડાય મહા ઝપાટે !
આરમ્ભમાંજ દરિયો ચ્હડતો તૂફાને !

મોજાં અતિ પ્રબલ ભવ્ય સમુદ્ર કેરાં,
ત્યાં હાથ પામર વડે શું ઝીલે હલેસાં !
વાયુ બધા પ્રલયના શું પ્રચંડ વાતા !
હોડી વિમાર્ગ હડસેલી જતા સપાટા !

ચિન્તા હતી તુજ ઉરે મુજ પ્રાણકેરી,
વ્હાલું દિલે દિલ દબાવી રહ્યું લપેટી:
આ ઉરમાં શું થતું તે ન કહી શકું હું !
આ ઉર ! ક્ષુદ્ર ઉર ! હા ! નિજતા પૂજન્તું !

શી આપણી સ્થિતિ હતી ભયભીત વ્હાલાં !
ને ચાર આંખ્ય, હતી શી સખિ ! પાણીવાળાં !
પ્રેમે તહીં મધુર પાંખ્ય દીધી પસારી,
ને ઉગ્રતા ઉદધિની સઘળી સમાવી,

નૌકા નજીક અહહહા ! ઉરને જણાય !
આનન્દ આપણ ઉરે સખિ ! શો ભરાય !
પહોંચ્યા સમીપ જ, અહો ! ઉપકાર ગાતાં !
સ્નેહસ્વરૂપ પ્રભુનો હૃદયો અમારાં !

વાળી દીધા સઢ મૂકી દઈને હલેસું
ટંડેલનું જબરું દોરડું માગી લીધું,
પાસે જ નાંગરી દીધો મછવો અમારે,
ને સંકલિત કરી એ રસી વહાણ સાથે.

ચુમ્બી પરસ્પર લીધી ઉર કોટી દીધી,
દેવે દીધી અબપડી પણ પૂજી લીધી,
તૈયારી કીધી હતી દિવ્ય જહાજ મધ્યે
આનન્દમગ્ન હૃદયે જ સવાર થાયા !

પ્હેલો ચઢયો હું, સખિ ! તું રહી હોડકામાં,
રે દોર કાપી ગયું કોઇક એટલામાં !
એ કાપનાર ઉરને ક્ષમજો કૃપાળુ !
રે ! રે ! અરે ! ભરસમુદ્ર વિષે પડયો હું !

છેલ્લી ઘડી ! અરર ! કારમી ચીસ પાડી–
મૂર્ચ્છિત ! હા ! અરર ! ત્યાં પડી પ્રાણપ્યારી !
ચૈતન્યહીન હૃદયે હું સૂતો સમુદ્રે !
હું આત્મા ! તત્ર પ્રિય પ્રાણ ! વિયુક્ત બન્ને !

જાણી શકયો ન થયું શું મછવાતણું એ
પાણી સુખી થઇ સખી જઈશું કિનારે ?
નૌકા વિષે કરી પ્રયાણ શું કૂચ કીધી !
વા વ્હાલીએ અરર ! વારિ સમાધિ લીધી ?

હું બુદ્ધિહીન ! ન ડૂબ્યો ! ન તર્યો અભાગી !
કેવી ત્રિશંકુવત, હાય ! દશા ! અમારી !
વ્હાલી ન જાણી શકી તે પછી મ્હારું ભાવિ !
કોઇ ય વાંચી શક્યું કિસ્મત ક્યાં કદાપિ !

કાળાં ઊંડાં ય જલમાં હું હતો તણાતો,
ત્યાં મસ્ત સાગર થયો ફરીથી જણાતો !
એકાદ ઉર્મિસહ પૂર્ણ થશે શું આયું !
ના ! ના ! ખૂટ્યું નથી હજી પણ કૌં વેઠવાનું !

કોઇક માતબર મોજું તહીં શું આવ્યું,
મૂકયો મ્હને જહીંય નિર્જન છેક ટાપુ ,
વેરાનમાં હું રડતો ભમતો પડયો છું,
વ્હાલી તણું સ્મરણ માત્ર પુકારતો હું.

૨૫

દેખાય છે ઉદધિ આ વિષથી ભરેલો
કોઇ અગસ્ત્ય વિષ એ પી જનાર? કયારે?
હું એ નવીન ઉર પામી શકું હજી ના !
સાથે પ્રવાસ કરવા ઉર એક ઇચ્છા !

કોઇક હો હૃદય ! હો પ્રિય મિત્ર મ્હારા !
તો લ્યો, ઉકેલી સહુ સ્વપ્ન અરે ! અમારાં !
પ્હોંચાડજો ખબર એ સખીને અમારી:
"છે પ્રેમભકિત ઉર શાશ્વત એક ત્હારી:

"અન્તરે આપણી વ્હાલી ! સાથે છે જ મુસાફિરી !
"ગમે ત્યારે, સખી ! દેશે ખિલાવી ફૂલડું હરિ,

"દેવિ ! ત્હારો થવા સ્વામી – પાપ એ ઉરમાં નથી:
ભકત છું ! પૂજનારો છું ! ત્હારો દાસજ હું, સખિ !

"ચાહે તું તે ચહું છું હું: અન્ય છે અભિલાષ ના:
"પ્રેમાગ્નિમાં જળું છું, હા ! વધારે ઉભરાય ના !"

વ્હાલાં ઓ ! ઓ ! સગાંઓ ! પૂજારી પ્રેમના હજો !
હું જેવા મૂર્ખ પ્રેમીને—બને તો— પોષતાં થજો !

મ્હારી મુસાફિરી ન પૂર્ણ શકયો વિચારી,
ત્યાં બોટ બંદર કરી અહીંયા વિરામી !
ઓહો ! શું આ જ પુરીમાં વસતા સુદામા ?
જ્યાં ભકત પ્રેમીજન ભકિત અનન્ત પામ્યા ?

૨૬

ઉરક્ષેત્રે સુદામાના મહાયુધ્ધ મચ્યાં હતાં !
અને, આજે અહીં એનાં સ્વપ્નશાં ઉર જાગતાં !
પ્રેમ કે પ્રેમભકિતથી પ્રભુ ભિન્ન નથી! નથી !
રાખજે સર્વદા ત્હારે પ્રેમને શરણે, સાજન !

૧૧-૨-'૧૦

## १२

## સમુદ્ર પ્રયાણ

સખિ ! કીધું સમુદ્રપ્રયાણ, નથી ઉર ભાન
ગમે નહીં ગાન, પૂરું પન બોલી શકું !

સખિ ! છાનું ત્હને ન લગાર, ભર્યો ઉર ભાર,
થયો ગમખ્વાર, ન દિલડું ખોલી શકું !

અહો ! ભવ્ય સમુદ્રતરંગ, કરે મુજ સંગ,
વહે નવરંગ , કશું ય ન જોઇ શકું !

દૂર દૂર ફરે ગિરનાર ! અહો અવિકાર !
હશે મુજ યાર ? ન કાંઇ વિચારી શકું !

+ + +

ભર સાગર આ મુજ દેશ, નવો નવો વેશ,
હું દિલ દરવેશ ! મુસાફિર વાધી શકું !

સખિ ! સ્નેહનું હાથ સુકાન! ધર્યું ભગવાન,
રહ્યું ઉર ધ્યાન, સ્વમાન નિવારી શકું ?

નવરંગી દીઠું, સખિ નૂર, પ્રભુતાનું પૂર,
વહે ! અહ ! સૂર ! ત્હને ન બતાવી શકું !

સુણી નૂતન સુરપ્રસૂર – નશે ચકચૂર,
થતો ભરપૂર ! ત્હને ન સુણાવી શકું !

२८

સખિ ! નવ્ય નભે ઉલ્લેખ, દિસે શું સુરેખ !
હશે વિધિ લેખ ? હજી ન ઉકેલી શકું !

સખિ ! આ અહીં સાગરરાજ પણે ગિરિરાજ,
રમે રવિરાજ ! ન ચિત્ર બનાવી શકું !

સખિ ! કીધું સમુદ્રપ્રયાણ ! નથી ઉર ભાન !
ગમે નહીં ગાન ! પૂરું ય ન બોલી શકું !

१३–२–'१०.

–o–o–
+
o

૨૯

૧૩

## વરરાજાને આશીર્વચન

આશીર્વાદ ! રાજન્ ! આશીર્વાદ !
જીવિત સફલ થાવ, વત્સ !
ને પ્રેમમાં પ્રેરાવ, બન્ધુ !
એટલે પગલીઓ ભરશો પ્રભુતામાં.
લગ્ન વડે લગ્ન પામવાના છો
ને વિજયી થવાના છો, વરરાજન્ !
સ્નેહની સેવાના અધિકારી થજો,
ને સનાતનતાના પૂજારી.
કલ્યાણ ! કલ્યાણ ! રાજન્ ! કલ્યાણ !
મંગલાશિષ પ્રેરે છે રાણી રન્નાદે !
ને દેવનો દેવ સવિતા પોતે, રાજન્ !

અજાણી છે આ દુનિયા તો હજી
લગ્નથી—લગ્નના પ્રજ્વલન્ત મહિમાથી:
ને દેશનો વેશ તેથી જ વરવો છે, ઓ રાજન્ !
લગ્ન તો એકે ય નથી થતું
દર લાખ લગ્ને — કે દસ લાખે !
ત્રીસ કરોડની વસતિમાં.
તમને તો ખબર છે રાજન્ !
કે યુરપ ચામડીથી લગ્ન ચહે છે !
ને હાલનું હિન્દ હાડકાને પરણે છે !
પુરાણું આર્યલગ્ન તે તો પ્રાણસમર્પણ:
પણ અત્યારે તો ચીતરામણમાં કે ચોપડીમાં સ્તો !

૩૦

લગ્ન એટલે જ પ્રેમયોગ
પ્રેમયોગ એ પરમ ક્ષેમ છે.
યોગ એટલે એકીકરણ:
અન્દર સદનન્તર સ્નેહભરપૂર
સીતાદેવી માટે લંકાગઢ જીતાયો
ને ભરદરિયા વચ્ચે – પાણી પર
પથરા ય તરી શક્યાં
લગ્નનું એ સ્નેહસામર્થ્ય.
લગ્ન એ આધ્યાત્મિક જીવન છે,
કેવળ પાર્થિવ નથી : ને રામાયણ પાકું
શાસ્ત્ર છે લગ્નભેદનું.

ખરું છે, ભાવિ આડી ભીંતો છે :
ને દુનિયાની નજર તો બહુજ ટૂંકી છે :
પણ થોડુંક જોઇ લીધું છે મ્હેં તો
પડદો ચીરીને સ્વાનુભવને સાચે રહ્યો :
તમારું લગ્ન સંસારલગ્ન નથી : બન્ધુ !
જરૂરજ નથી – નથી : એ
લગ્નોમાંનું લગ્ન નથી.
ઓ વ્હાલા વત્સ ! જુદું છે – ઊંડું છે એ !
ડૂબી ગઇ છે ડહાપણમાં
ને ભુલીજ પડી છે
આ સારી દુનિયા તો : ઓ રાજન્ !

૩૧

કોઇ જાણો કે ન જાણો !
પણ તમારૂં લગ્ન તો
ઓ રાજન્ ! અલૌકિક,
આનન્દમય, પ્રેમનું પોષક,
આટલામાં તો અદ્વિતીય છે:
અને ગાંડી ગુજરાતને, તો એ
એક દહાડો દેખાડી દેશે
ડહાપણનો સીધો રસ્તો ખરેખરો ને ખચિત જ.
અપરોક્ષ ભાવિ એ જ વર્તમાન, બન્ધુ !
અને સાચું છે तद्दूरे चान्तिकेऽपि तत्! . . . . . . . .
પણ – ઓ પ્રેમસ્વરૂપ પ્રભો ! अलमति !! अलमति ॥

કોણ કહે છે, ઓ બન્ધુ !
કે હું ત્યાં હાજર નથી ?
માટીની આંખે મા જોઇશ, ઓ વત્સ !
મ્હારી હાજરી મ્હારી આંખે જોજે બાપુ !
બીજે બધેય હું ગેરહાજર છું, બન્ધુ !
ગુમદિલ એટલે ગેરહાજર :
ને હૈયાસૂનું તે જ ગુમદિલ !
બાકી સનમના દૈવી દરબારમાં તો
હરદમ હાજરી છે બન્દાની !
ને દુનિયાદારી ક્યાં છે વસ્તુમાં ?
જો ! જો ! ઓગળી જાય છે હવે તો– જો ! વત્સ !
સ્કોટલેન્ડનો ભાટ
ભૂલીએ નહીં એવું ભણાવી ગયો છે કે,
કાળજામાં તો કોઇનો જ કાર નથી ;

૩૨

ને પ્રાણ તો ગમે ત્યાં ઊડી શકે :
ગમે ત્યારે ને ગમે તે રીત્યે,
સૈબિરિયા પાર, ઓ વરરાજન્ !
કે આન્દામાન યા હેલિનાના ટાપુ પર,
જ્યાં ચાહે ત્યાં! પણ વારૂ !
એટલું તો જાણો છો ને
કે હું તમારો પણ સેવક છું ?
અને સેવક તે જ સ્નેહી-બન્ધુ ! હો !
તમે સાંભળો-સાંભળો : બન્ધુ !
અમે વર્તે સાવધાન ॥

\+ \+ \+

એ મન્ત્ર તો વિદિત હશે, કદાચ !
ચમત્કાર છે, હો – સાવધાન શબ્દમાં !
અવધાન ચૂકાય નહીં કદાપિ
અન્તર નિરન્તર કાયમ એક જ અવધાન !
વ્રત લેવાને કશીજ જરૂર નથી :
ને પ્રતિજ્ઞાઓ ય નકામી છે.
શૃંખલાઓ બાંધ્યે તો કોઇ જ બંધાયું નથી.
તત્સવિતુર્વરેણ્યમ્ એ લગ્નનો મૂલ મન્ત્ર છે.
લગ્ન એ જ પરમ પરાધીનતા.
પણ બસ-હૈડે પૂરી પ્રતીતિ છે, રાજન્ !
સ્વદેશી આત્માઓની સ્થિતિગતિની.

પણ, પરદેશીઓ વચ્ચે બેઠા હશો, રાજન્ !
નહીં ! વત્સ ! નહીં ! સર્વદેશી ને સ્વતન્ત્ર છે.

ભગવાન ભાસ્કર નારાયણ તો.
રાજન્ ! એનું સામ્રાજ્ય તો શાશ્વત છે.
ને લગ્નથી તમે એમાં જ દાખલ થનારા છો.
અલબત્ત, આંટી અટપટી ને રાહ ઘૂમરી છે :
ચાહવું નહીં ચાહતાને, એ નરક :
ચાહતાને ચાહવું , એ મનુષ્યલોક :
ને ન ચાહતાને પણ ચાહવું જ, એ સ્વર્ગ.
તમારૂં લગ્ન એ સ્વર્ગની સાંકળ છે.
ને સાંકળનાર પૂર્ણ સદભાગી છે રાજન્ !
* * * किं बहुना ?

\+ \+

વત્સ ! તમે વરરાજા છો.
ને વિવાહના મન્ત્ર તો સ્હમજી શકો છો.
મન્ત્ર મશહૂર છે : कोऽदात ! कस्मा अदात !
પણ એ સ્હમજણની અપેક્ષા નથી :
यत्र त्वं तदहं तत्र એ તો જાતે શિખી લેશો.
વહી આવેલી વિવાહકને હૈયે –
પ્રેમે પોતે કહેલું છે – અવસર પર –
उभयोः प्रीति संजूता ॥ એ આછેરી પૂર્વદ્રષ્ટિ છે.
પરન્તુ, ઓ પરમાત્મન !
જ્ઞાનનો સ્નેહ મ્હને હજી થવાનો છે :
ને સ્નેહનું જ્ઞાન તમને થવા માંડ્યું છે રાજન્ !

ઓ રાજન્ ! તમે તો સવારી લઇ ગયા છો
બેગડાના મહમ્મદાબાદ પર !
પ્હાડના પ્હાડ તોડી – નવા રસ્તા કોરી
જેણે જૂનો–ગઢ– ચંપો–ગઢ જીત્યા છે :
ને તમે પણ બીજીવાર વર–ઘોડે ચ્હડયા છો :
વર રાજન્ ! વ્હેલા સિધાવજો
સુહાગિની વૈજ્યન્તિકા સાથે,
ને, ભરી લાવજો યોગક્ષેમ, ઓ લગ્નવન્તા !
લાડઘેલા થજો વ્હાલપરસિલા : વરરાજન્ !
કલ્યાણ ! કલ્યાણ ! વ્હાલા વત્સ ! કલ્યાણ !
મંગલાશીર્વાદ ! વત્સ ! પ્રેમધર્મ પ્રેરિત ! રાજન્ !

प्रेम धर्म्माय नमः। प्रेम स्वरूपाय नमः।

૩૦–૪–'૧૦.

○○○○
○○

૧૪

## બાલયોગી

હતું ન ઉર સ્વાસ્થ્ય કૈં, ફકત દર્દ પોકારતું
સિવાય હૃદયંગમા, હૃદય છેક નિઃશ્વાસતું :
છતાં હૃદયભગ્નનું હૃદય આજ આનન્દતું
જહીં વિહરતું, અહો ! પ્રણય બાલુડું નિરખ્યું !
લલાટ પર હસ્ત બે નયન પાસ નિહાળીને
અને, વદન આકૃતિ ભવ્ય પ્રિય બાલનું જોઇને.
સૂતું શિશુ પ્રશાન્તિમાં પ્રણયયોગી શું પાલણે
સહુ નિરખતો ઉરે અજબ ઊર્મિઓ ઊદ્દભવે !
હશે પ્રણય ફિલસૂફી હૃદયમાંહી વિચારતું ?
હશે પ્રણયમન્ત્રની વિરહ ઠાલ મચાવતું ?
થતું અગર સજ્જ એ સકલ માનવજાતિમાં
બધે પ્રણય એ પ્રભુ જીવનમન્ત્ર શિખવવા ?
અહો! કર ઊંચા કરી હૃદયભાવ દર્શાવતું !
દીસે નયનમાં અહો! પ્રણયતેજ શું વિસ્તર્યું !
કરી વિમલ હાસ્ય એ પ્રણયમન્ત્ર ઉચ્ચારતું!
સુણે નવીન કર્ણથી પ્રણયબાલનું ગીતડું !
પ્રભો ! નવીન કર્ણ દે, પ્રણયગીત હું સાંભળું !
પ્રભો ! પ્રણયમન્ત્રથી સફલ જિન્દગી હું કરું.
પ્રભો! હૃદય દે મ્હને હૃદય દિવ્ય હું પારખું,
પ્રભો! હૃદયથી સદા પ્રણય-પુષ્પ પૂજા કરું !

૧૯-૬-'૧૧.

०—०—०

૩૬

૧૫

## સન્ધ્યા સમે

દિલદાર ! ત્હારા હાલનો કાગળ મને મળતો નથી,
દિલબર ! ફિકરનો ભાર તે વિણ લેશ પણ ટળતો નથી !

કૈં કૈં કરૂં છું ખયાલ, પણ ઇલાજ કૈં જડતો નથી,
તનમન તપે પરિતાપમાં: પણ હાય જીવ જતો નથી !

ઊડી આવું તું પાસે ? મગર, અફસોસ! ત્હેં જ કરી મના:
હરદમ રહું ! જલચાં ! કરૂં પ્રિય મન્ત્ર પ્રીતમ નામના !

આવ્યો અહીં જંગલ વિશે ! વેરણ દિસે સન્ધ્યા સખિ !
લૂખી લૂખી વરવી મ્હને ત્હારા વિના કુદરત બધી !

છે આ સરોવર રમ્ય હો ! મ્હારે ન કોડી કામનું :
હું ચાહું બિન્દુ બની જવા, દિલદાર ! તુજ દિલ જામનું !

સ્વર્ગો અનન્ત જહાં ભર્યાં ! કયાં એ અમીભર આંખડી !
કયાં એક વિશ્વની આ, અરે કુદરત બિચારી બાપડી!

જૂઠું જગત જે નરકનગરી માત્ર વાદ વિવાદની
દિલબર, અમર છે એક લાલી ગુલાબી ત્હારા પાદની.

સરવર પરે સ્હામે ચરે ! ઓ સ્નેહી સાગર જોડલી !
અવગણી એકાકી ગણી કરતી નજર ના હું ભણી !

દિલદાર ! ત્હેં આ જાતડીને જ્યારથી જ કરી પરી,
અન્ધારી આ મુજ આંખડીને ત્યારથી પૂરી ઠરી !

દિલ તલસતું : શિર દુઃખતું, ફાટે વદન ભાવિ હસે !
પણ આ જિગર આખર સુધી તુજ પ્રેમમન્ત્ર પુકારશે !

ઉર સભર છે : તન જ્વર ધખે : ઝાઝું હવે ન લખાય છે
સર્વોપરિ પ્રીતિમૂર્તિ તું ! સાગરથી તું તું જપાય છે.

૧૮–૮–'૧૧.

o – – o
o

૧૬

## શાંતિ ક્યાં?

શાન્તિ ? નથી નથી, બાપુ ! શાન્તિ :
છેક રહી ઉર એક જ ક્લાન્તિ :
વિરહી સ્મરે પ્રિય એ મુખકાન્તિ :
નહીં શાન્તિ મ્હારી.
રહી જ્યાં એ પ્રિયતમ કાન્તિ.

૨૨-૮-'૧૧.

○○○
○

૧૭

## ઉગારી લે મ્હને, સખે !

વ્હાલા! લખું શું? લખતાં જ રડી જવાતું :
ધાર્યું આ હૃદયનું ન ભૂલ્યું ભૂલાતું :
પાંખો હજી નથી મળી: ન ઊડી શકાતું :
અફસોસ ! હાય ! નથી દર્દ સહી શકાતું:

પ્રિયતમ ! સખે ! ત્હારી વાણી સુણી પ્રભુતાભરી,
હૃદયસર આ ફાટી ચાલ્યું: નવી વહતી ઝરી ,
જીવન મુજ આ આખું યે શું હશે ભ્રમણાભર્યું ?
અરર ! ઉર આ એવું કેવું નઠોર બની રહ્યું !

\+ + +

જુદા જુદા ઝખમ હા ! બહુ યે સહ્યા છે :
કિન્તુ ન અગ્નિ ઉર આજ સહી શકે છે :
જાણું ન છું વ્યથિત વા ભ્રમમાં પડેલો ?
તો યે, સખે ! હૃદય આ ભડકે બળે છે!

વ્હાલા ! વ્હાલા! સદા વ્હાલા! અરેરે ભાવિ શું હશે?
મરું છું હું : મરું છું હું : ઉગારી લે મ્હને, સખે !

૧૬–૯–'૧૧.

૦ – ૦

૪૦

૧૮

## રોતા તરફથી

નિર્માણમાં પરમ સુન્દરતા જ જોવા,
વા ભવ્ય ભર્ગ સુરબાલ તણું પચાવા,
હેયે ન યોગ બલ વા અવશેષ રહેવા,
વા છે કશો ન અધિકાર વિશેષ, વ્હાલા !

લાલિત્ય, સૌમ્ય, સમભાવ ભરેલ ત્હારું
હૈયું પ્રકાશ- મહિમા ઉર પ્રેરનારું :
સંબોધ્યું ત્હેં પરમ સત્ય: કહું શું બાપુ?
'રોતા સખાંથી–અથવા – ન વધુ લખાતું.

રોતાનું સુખ છે આંસુ: કિન્તુ બોધ ન સાંપડે :
કહ્યું છે ગુરુએ મ્હારે : કૈં જન્મે રોવું આવડે.

૧૯–૯–'૧૧.

o – o

૧૯

## વ્હાલા ! ચાલ ઉડીએ !

બ્રહ્માંડોનાં અગણિત યુગ્મોથી નથી કામ મ્હારે,
તેમાં—તુંમાં ઉર અનુભવે 'બ્રહ્મ—બ્રહ્માંડ' મ્હારે .
હુંમાં તું – તે રમણ કરતું : એ જ અદ્વૈત 'બ્રહ્મ' :
दासोऽहम् ! ઓ સુર ! સખિ—સખે ! સત્ય એ સ્નેહમન્ત્ર.

વ્હાલી—વ્હાલા ! ચરણશરણે દાસને લોટવા દો:
બાપુ ! મ્હારે ચરણ તજીને દૂર થાવું નથી હો !
મેલો ઘેલો, પણ ચરણમાં ભાન ભુલી પડેલો
આ પંગુને ઉંચકી ઉડજો: બાપલા ! આવું ચાહો:

આંધળો, પાંગળો, બાપુ ! વળી વૃધ્ધ બન્યો, સખે !
છતાં, ત્હેં પાંખમાં લીધો : તો વ્હાલા ! ચાલ ઊડીએ !

૨૦–૯–'૧૧.

– ૦ –

૨૦

## દર્દી દિલ

મહોબ્બત ભર નઝર કીધીઃ મીઠી એ આંખડી પીધી
દિલે ભોંકી છૂરી દીધીઃ ગુલામી ત્યારથી લીધી ।

ખુદાઇ ગુલબદન દિલબર ! ચૂમી પેલી કબૂલ કીધી ।
અમોલી બાદશાહતથી ફકીરી ત્યારથી લીધી ।

'ચૂમું શું? ગાલ યા પ્હાની?' ધડકતે દિલ રજૂ કીધું :
મીઠું શરમિન્દ દિલ પીધું: દીધું દિલ ત્યારથી દીધું।

દીવાનો દિલ દઇ ચૂકયો: શિખ્યો આશક કદમબોસી
અજબ કિસ્મત મગર રમતું! ખડી ત્યાં યે ચશમપોશી.

અગર છે રાસ્ત : હું ઝાલિમ : રહમદિલ તું સદાયે છેઃ
મગર દિલ એવું ઘેલું આ : ફરી ફરી એજ માગે છે ।

ન બિલકુલ ક્રૂર દિલબર છે : ઝબાં એની બરાબર છે :
મગર લાચાર ! દિલ હઠીલું! તડપતું! રોતું તલસે છે ।

ભલે ત્યારે, જિગર ! તું રો! અગર રોવું જ વાજિબ છે.
અગર દિલ ! તું જ દુશ્મન છે ! ત્હને નસીહત મુનાસિબ છે !

દિદારે યાર છે મોકૂફ ! રહે બસ ચૂપ ! મુકદ્દર છે !
કદમબોસી ચહે? તો જો! અને રો! એ જ તસવીર છે !

લગાડયું દિલ ! કહ્યું કોણે? ન કર ફિર્યાદઃ બસ કરઃ ચૂપ!
નહીં માલેકી માલિક પર ! રહે રોતું! ન કર હુજ્જત !

## ૪૩

### ગમીભર

વરસ પર વીતતાં વરસો : ઝિન્દગી ચાલી :
જવાનીનો નથી જુસ્સો : અગર અફસોસ શો ખાલી !

ગુઝર કર, દિલ ! શરાબી પર ! ન ડર : ભર આસુંથી દરિયા !
અયે સાગર ! બન્યો આદમ, સિતમ, ગમ યા ઝખમ ખમવા !

૨૭–૯–'૧૧.

– ૦ –

૪૪

૨૧

## પ્રેમનું સ્મરણ

પનઘટ પરનું પિછાન !
પ્રીતમ ! પેલું પનઘટ પરનું પિછાન ?
દીધું દીધું મીઠું રસદાન :
પ્રીતમ ! પેલું પનઘટ પરનું પિછાન !

મ્હારું બાળ્યું – ઓગાળ્યું ગુમાન :
પ્રીતમ ત્હારું પનઘટ પરનું પિછાન ?

"લ્યો હું ન્હવરાવું!" એ જ નિશાન !
પ્રીતમ ! પ્યારું પનઘટ પરનું પિછાન!

પનઘટ પરનું પિછાન :
પ્રીતમ ! એ તો પૂર્વનું પ્રેમ પિછાન !
પ્રીતમ! પેલું પનઘટ પરનું પિછાન !

૯-૧૨-'૧૧.

૦ – ૦

૪૫

૨૨

## પ્રેમની સ્મૃતિ

પાલવ પકડયો ! તે પકડયો !
પ્રિયે ! મ્હેં તો પાલવ પકડયો! તે પકડયો !

રહું વિરહદવે ભલે સળગ્યો !
પ્રિયે ! પણ પાલવ પકડયો ! તે પકડયો !

પેલે પનઘટ તીરે તેં પકડયો
પ્રિયે ! તહીં પકડયો તે પાલવ પકડયો !

ન્હડી પ્રેમ હું પગ માંહિ પડિયો !
પ્રિયે ! ત્હારો પાલવ પકડયો ! તે પકડયો !

પાલવ પકડયો ! તે પકડયો !
પ્રિયે પેલે પનઘટ તીરે તે પકડયો !
પ્રિયે ત્હારો પાલવ પકડયો ! મ્હેં પકડયો !

૯–૧૨–'૧૧.

○ – ○

૪૬

૨૩

## આત્મનિવેદન

યે હિ જ્યોતિને મુઝકો બચાયા ::
સખિ! યે હિ જ્યોતિને મુઝકો બચાયા ::
સખી! મૈં ગુલામ ગરીબ કો બચાયા !
સખિ !

અખિયાં કે પૂરમેં ડૂબતી પન્હાઇ
કન્હાઇ યે હિને તરાયા :
અહા! અબિનાશી શિશુ યે હિ આયા
સખી! મૃદુ વચન ન બીન સુનાયા !
સખિ !

સાગર ભીતર રાત ભયી તબ –
ભૈંવરેને જહાજ ભમાયા :
આહ પુકારત રાહ ન પાવત –
ગફલત અન્ધેરા આયા :
સખિ! યે હિ જ્યોતિને તિમિર ફિટાયા !
સખિ !

માંગ લિયો મૈંને અમૃત જ્યોતિસે
દાન દયાકા કમાયા :
હિરદા કો યે હિ દયાલુસે છાયા –
સખિ! તેરી નુરતમેં મૈંને મિલાયા? :
સખિ !

સાગર દિલ કો પતીજ દિયા પૂર -
નવતર કદમ બ્હડાયા :
પાગલ દિલકોં દિલાસા દિયા અરૂ -
બન્દર દૂર દિખાયા !
સખિ ! યે હિ જ્યોતિને મુઝકો બચાયા !

પામર ભરપૂર ક્ષાર ક્ષમા કર -
નવલ કછૂ કછૂ પાયા:
સખિ ! તેરા ગરીબ ગુલામ જિલાયા !
આહા! યે હિ જ્યોતિને મુઝકો બચાયા.

૧૯-૧-'૧૨.

o - o

૨૫

## એક ખુલાસો

ત્હને દુઃખી દેખી મૃદુ હૃદય જે રોઇ જ પડ્યું,
સખે ! ત્હને જોતાં મુજ ઉર વધુ મક્કમ થયું ,
અને, તું દુઃખી છે મમ અધમના દુઃખદ દવે,
દિલાસો શો આપું? સકલ સ્થિતિ તું-તુજ સ્હમજે.

દર્દો દેવાં, અરે ! મ્હારે કિસ્મતે જ લખેલ છે,
અન્યથા શું શકું બોલી? મ્હેં ઉપાય કહેલ છે.

સુખી થઇ ના શકું, પ્રાણપ્યારા !
સુખી કરી ના શકું, બાપલા- હા !
હૈયે ધરી ના શકું કૈં મૃદુતા -
નિર્માણ ના ફેરવી હું શકું, સખે !

દુઃખી, હા! દુઃખ દેવાને જાણે પેદા થયેલ છે !
ન્યાટય- નિર્ણય એકાકી છેવટે મ્હેં કહેલ છે.

૨૭-૧-'૧૨.

૦ - ૦

૪૯

૨૫

ઘેલાનાં ઘેલાં આંસુડાં
શાં ચૂક્યાં – શાં દીધાં – લીધાં!
સુધાથી વધારે, સખે ! શાં મીઠાં –
આંસુમાં જીવું.
હું ઘેલાં આંસુમાં જીવું.

૮–૨–૧૨

– ૦ –

૨૬

તું મને રડવા દે

ક્ષુભિત ન હો તું : મ્હને ખમવા દે.
પ્રાણ ! મ્હને તું બલિ બનવા દે .
એવી વિજ્ઞપ્તિ.

નવં ્વિ મ્હને ભણવા દે.
કિસ્મતને ઉર પર રમવા દે,
ભાવિને ક્ષણ બે હસવા દે
એવી વિજ્ઞપ્તિ
સુણે છે? એવી વિજ્ઞપ્તિ.

૧૦–૨–'૧૨.

– ૦ –

૨૭

## છાનુંમાનું રો !

અગર જિગર ! તું રુધિર ભર રડજે
રુદન વહી છો વન વન ભમજે :
મૂક ઉરને ના ના પણ નડજે :
એકાકી સહજે.

ઓ ** તા હૈયા !
०० ० ००સૌ સ્વસ્થ સૂને જો !
०० ० ००ધી ઉપાધિ કરે જો !
०० ००હા !ઉ-હાં નિઃશ્વાસ ભરે જો !
* *નો રોજે છાનું.
હવે તું રો છાનું માનું.

૧૦-૨-૧૨.

– ० –

૨૮

ઝખમ સહી સહીને જીવવું છે :
દરદ રડી રડી અન્ધ થવું છે :
પણ ફરી – ફરી એ સ્મરવું છે:
એનું એ મ્હારે.
નસીબે એનું એ મ્હારે.
એ અધરો સ્મરતાં મરવું છે.
એ ઉરનું નૂર કરગરવું છે
સાગર ! દિલબરમાં ભળવું છે
એ ભજવું મ્હારે
અહોનિશ એનું એ મ્હારે.

૧૦-૨-૧૨.

–०–

૨૯

## ડૂબતી નૌકા

અરર ! ભયંકર પવન ફૂંકે છે
જિગર મુસાફિરનું ધડકે છે .
ભરદરિયે શું સુકાની ઉંઘે છે?
* * * કાં નૌ ?
* * * * જરી જો હોકા!

— ० —

૩૦

## ઓ બ્હેનાં

બ્હેનાનાં નેનાં નીતરે છે :
ટીપે ટીપે શો સ્નેહ ઝરે છે :
પ્રિયતમની છબિ સ્પષ્ટ તરે છે:
બ્હેનાં ! ઓ બાપુ!

યૌવનમાં અંધાપો આવ્યો :
ભરદરિયે નાવલિયો ચાલ્યો:
બ્હેનાંનો દિલચમન વિલાયો:
ઓ બહેનાં ! બાપુ!

બ્હેનીને છાની શે રાખું !
'ના રો જે' બોલી ન શકાતું:
એ મુખ સ્મરતાં રોઇ જવાતું :
બાપુ! ઓ બ્હેનાં!

૧. ૧૦. ૧૨.

— ० —

૩૧

## ચમેલીને

બાપડી! ચમેલડી!
          ગરીબડી ચમેલડી!
રોયા કરે છે ચમેલડી!
          રાતદિ–રોયા કરે છે ચમેલડી!
બાપુડી! લાડિલી! ઘેલડી!
          રાતદિ–રોયા કરે છે ચમેલડી!
પ્રીતડી રોયા કરે છે ચમેલડી!
          પ્રીતડી રોયા કરે છે ચમેલડી!

– ૨ –

અલબેલી! ચમેલી..
          ચમેલડી! અલબેલડી.
ઓછું કદાપિ ન આણતી :
          અલબેલડી! ઓછું કદાપિ ન આણતી.
ભાઇના હૈયાની બ્હેનડી:
          ચમેલડી! ઓછું કદાપિ ન આણતી .
દૈવી ચમનની તું વેલડી :
          બ્હેનડી! ઓછું કદાપિ ન આણતી .
વ્હાલી તું દેવને, ચમેલડી!
          હો બ્હેનડી! ઓછું કદાપિ ન આણતી.

– ૩ –

જુઓ ચમેલડી !
          મીઠડી હો બ્હેનડી!

સેજડી હૈયાની જુઓ, અલબેલડી !
આંખડી ખોલીયે ચમેલડી !
પ્રીતડી જુવો તો ! બ્હેનડી !
પોતા સમોવડી
છેલડી છબિ શી પુકારતી:
"ચમેલડી"
પ્યારી ચમેલડી ! મ્હારી ચમેલડી !
ઘેલી ચમેલી – અલબેલી રસિકડી !
સુરત પ્રીતમની શી જપતી ખડી,
અન્તરની સેજડી જુવો, ચમેલડી ! સાહેલડી.

૬-૧૦-'૧૨.

– ૦ –

૩૨

એક સીતાફળ જોતા

મ્હને રોતાને આ સુહૃદકર સીતાફળ ધરે,
અને એ સીતાને સ્મરી સ્મરી ફરીથી ઉર રડે,
અયિ ! સીતે ! સીતે ! કલમ કરમાંથી પડી જતી-
ભલે ત્યારે- વ્હેતી ઉર વહનની મૂંગી જ નદી.

\+ \+ \+

રડું છું તો ય કયાં પૂરું, અરેરે ! હું રડી શકું?
પ્રભો ! હું શું કરું ત્યાંયે- વિશુધ્ધાત્મ થઇ શકું !

૨૯-૧૦-'૧૨.

– ૦ –

33

## એક તમાશો

મિજલસમાં જાવા આગ્રહ શો ?
રોનારાને ત્યાં શું કરશો ?
જગત તણો છું હું જ તમાશો?
શો બીજો જોવો ?

૩૦–૧૦–'૧૨.

– ૦ –

૩૪

## શરાબ ઢળ્યો.

સીસો ભર્યો ભર ! લેઇ મયખાનેથી હું નીકળ્યો સનમ !
પીધેલ હાલતમાં મગર, ગુમરાહ હું રઝળ્યો: સનમ !

કૈં ગાનમાં ગુલતાન દિલ ! જંગલ બહુ ભટકયો:સનમ !
ચાલ્યો બહુ : થાકયો મગર, રાહે વતન ન મળ્યો સનમ !

નામે સનમ લબ પર અગર, દમ એક ના ચૂકયો સનમ !
ચક્કર મગર જરી આવતાં કેફી કદમ લથડયો : સનમ!

એ સખ્ત ઠોકર લાગતાં, ગાફિલ વધુ હું બન્યો: સનમ !
તો યે 'સનમ' હરદમ દિલે, જપતો નહીં અટકયો સનમ !

સીસો સલામત છે અગર, ફૂટી જતાં જ બચ્યો: સનમ !
પણ ભાન યા બેભાનમાં, એ હાથથી છટકયો : સનમ !

આ શું? –અધૂરો કાં– અરે ! સીસો અગર છલકયો? સનમ !
હા! એ તલાશે હું જતાં, પાછો ફરી ફટકયો! સનમ !

૫૫

જામો ફકીરી જોઉં તો, મ્હારો બધો પલળ્યો, સનમ !
હા ! એ ભલો પરહેજ હિન્દુ ખ્વોફમાં સળગ્યો સનમ !

જૂતી ઉગામી સર ઉપર, તો યે ન હું સ્હમજ્યો, સનમ !
આખર બરફના પ્હાડમાં, ગમખ્વારને પટકયો ! સનમ !

રોશન થતું દૂરબીનથી ! પત્તો મળ્યો સઘળો, સનમ !
મરજાદીના મન્દિરમાં મ્હારો શરાબ ઢળ્યો ! સનમ !

શું રોઉં? હા ! શું ગાઉં હું? નખશિખ સખેત કળયો સનમ !
રે હાય ! આશક જાય શું? ઠંડીથી આમ જળયો સનમ !

હાફેઝ હો સાકી, સનમ ! આ જાન યાનિ રહ્યો સનમ !
સાગર ! મગર ના બેસબબ, હરગિઝ શરાબ ઢળયો, સનમ !

૩-૧૧-૧૨

— ૦ —

૩૫

## અધૂરી શિક્ષા

અગ્નિ ચોપાસે સળગાવ્યો
ખાખીને તેમાં ખડકાવ્યો .
તે પર મારો ઠીક ચલાવ્યો
યોગ્ય થઇ શિક્ષા

૫૬

તો યે જોને ! જીવિત ચાલે :
કોરાં નેત્રે જીવ્યું સાલે :
છે અધૂરી શિક્ષા:
બહુ યે છે અધૂરી શિક્ષા.

૨-૧૧-'૧૨.

— ૦ —

૩૬

શું નિત્ય સ્મરે હૈયું?

વાતો પેલી છાની છાની :
ને નિશાની આંસુડાની :
ચૂમી ગાલે ચૂમી ન્હાની :
નિત્ય સ્મરે હૈયું :
તહીં શું નિત્ય સ્મરે હૈયું ?

૨-૧૧-'૧૨.

— ૦ —

૫૭

૩૭

## મિત્ર મસ્તાનને પ્રાર્થના

મસ્તાન ઓ! મસ્તાની ઓ! પગ ધોઉં તમારા !
બોલો અગર બે બોલ રે ! ઓ યાર હમારા !

આવું અગર ઓ મિત્ર ! ત્હારી હુઝૂરમાં ?
ભરું આંસુથી હું તરબતર ઘરબાર તમારાં !

દરગુઝર કરવા કરૂં અરઝી ? અગર –
આહાતાં નથી પગલાં તમે ગમખ્વાર હમારાં ?

ઓ દમ્પતી! તમ દ્દારથી રુખ્સત દીધી શું કાયમી?
બરબાદ છે શું આ બધા યૈ લબ્ઝ હમારા ?

ભૂલી જવું સ્હેલું થયું ? તો ભૂલજો હું ભૂતને !
મ્હારૂં જિગર ભુલે નહીં ઉપકાર તમારા!

રીસાયેલાં વ્હાલાં! તમે વ્હાલાં હતાં તેથી વધુ !
શું શું કરૂં, રૂસણાં ટળે, ઓ દોસ્ત હમારા !

શું લખું? લખતાં,સખે ! આંસુથી મ્હોં ધોવાય છે !
શું ચાલશે ના આંસુના આ હર્ફ હમારા ?

સાગર અગર ભોંકી સીને ખંજર લખે ખત ખુનથી ?
ના બોલ ! જોગી શું કરે હમદર્દ તમારા ?

શયર

દિવસ સત્તોતર થયા આજે પૂરા, અફસોસ !
ઓ યારા સાગરને નથી હૈયે હવે ખામોશ !

૨૯.૮.૧૭.

– ૦ –

૫૮

૩૮

# નિરૂપાય

આભ ટૂટે ટેકો કયાં ટકશે ?
વાડ ગળે ફળ ત્યાં શું બચશે ?
જાત ફૂટયે જન કયાં જઇ ઠરશે?
કોને શું કહેવું ?

કહેવાનું કોને ? શું કહીએ ?
વાંક કશો વિધિનો કાં ગણીએ?
દર્દ છતાં સમજીને રહીએ ।
બીજું શું કરીએ ?

૨૩–૬–૦૭

– ૦ –

૩૯

# એ પળ

પેલુડી આંખ્યે માંડયું મટકું :
ચાખ્યું ફરી રસરંગનું ચટકું :
દિલડું ગરીબડું છેક જ ફટકયું,
રોણું! હસું ! હા! હા!
પરન્તુ એ પળ અજબ ! અહા !

૧૦–૩–૧૧

– ૦ –

૫૯

૪૦

## હવે તું બોલ, શું કરવું

ભરીને તરબતર લાલી, શરાબે ઇશ્કની પ્યાલી,
લઇ હાજર થઇ વ્હાલી, મજલ કાપી ઘણી લાંબી ।

ચૂમીને જામ એ ધરતાં, છૂપા ચશ્મે જિગર ખુલતાં ।
જિગર જિગરે ઝૂકી પડતાં, નૂરે બેહિશ્ત કૈં ભરતા ।

મગર મુફલેસી આ હૈયે પૂરેપૂરી ભરી પાજી ।
મિજાઝીએ દગાબાજી કરી કમબખ્ત પતરાજી ।

અનલ મહબૂબ બેમાલૂમ : કદમ તુજની કદર ભૂલી,
હિસાબે ઇશ્કમાં, વ્હાલી! ગયો દાનાઇમાં ડૂબી!

દુનિયાનો દીવાનો હું: અરેરે! ઝહરનો જન્તુ:
અહા..! અશરાફી ઇન્કારી! ફસાયો ફિલસૂફીમાં હું!

ખસેડયું જામ ત્હારૂંને વકૂફી મેં કીધી જાહિર ।
મગર, બદહજમીનો દિલદર: પિછાનું આજ એ દિલબર ।

શરાબે દિલ મહીં શંકા: ખરાબી એજ એ બધારી ।
નશે ચકચૂર થાવાને અધૂરી એ જ તૈયારી ।

લૂંટાતી ભરબજારે તું : રહ્યો જોતો ઊભો રોતો :
બખીલી આંસુમાં કીધી: ગણ્યો જૂઠો નફો તોટો!

હવે, મુફલેસને અફસોસ । ન લાઝિમ જિન્દગાની આ ।
ગુમાનીની ગુનેહગારી કબૂલીને ઊભો છું, હા ।

૬૦

ખુદાઇ હુસ્નનું પ્યાલું ન લાઝિમ છે ? મ્હને ધરવું :
નથી જીવવું, નથી મરવું: હુકુમ તુજ તે અદા કરવું।

ચહું છું હું શરાબીનું હજી તુજ પ્યાલું એ પીવું !
મગર, મુજ લ્યાકતી છે ના! હજી આંસુથી કરગરવું !

રડી રડીને હવે હરદમ શું આંસુમાં ડૂબ્યા રહેવું ? !
રઝા દે મને હક દે ! હવે તું બોલ, શું કરવું ? !

૯-૯-૦૯

— ૦ —

૬૧

૪૧

## જિગરની સફર

હવે ઝખ્મી જિગર પર આ ફિદા કોઇ થશો! ના? ના!
પરાયું એ ઘવાયું છે હરાયું એ હવે ! ના! ના !

સનમ સોદાગરે ખૂબીથી ખરી ખરિદી કરી દીધી !
ફકીરી શહનશાહીની મને શી ભેટ આ દીધી !

ઝૂકેલું દિલન આ કયાંહી ઝૂકે છે તે તને હરદમ !
રહું છું, તો ય, ઓ માશૂક ! અજબ છે દિલ અને આરામ !

શરીઅતમાં પૂરાયેલા તને ન પિછાનશે, મહબૂબ !
મગર, ઝાંખી મને, વ્હાલી! સનમ ! તુજ હુસ્ન આબેહૂબ !

હવે, દિલબર ડરે શાની? પરેશાની હમેશાની !
હકીકત ત્યાંજ છે છાની! અને છે ત્યાં જ તે ઝાંખી!

હઝારો લાખ ગુલ ચમને ! મગર, તું છે મીનોઇ ગુલ !
હવે તું દૂર તો યે શું? ચૂમી ચૂકયું તને બુલબુલ !

હવા તુજ ઑર ચૂમીને ખુદા ખાવા શિખ્યું બુલબુલ !
અહો! આફ્રીન ! છે આફ્રીન ! અહીં બુલબુલ ! તહીં તું ગુલ !

અહીં કબ્જો! ઊંડો એ ભેદ ! અગર આલમ્ની મુફલેસી!
મુકામે એક છે અવોહ ! ગુલે બુલબુલ ! શી ઉદાસી !

મુસાફિરી આકરી પહેલી! જડયું હોટકા ! પછી સ્હેલી!
પૂરી આ ઇશ્ક દરિયાની તુફાની છે સફર છેલ્લી .

૧૫-૯-૦૯ — ૦ —

૬૨

૪૨

## અદ્ભુત વિભૂતિ

દ્રશ્યાદ્રશ્ય પ્રભુ પ્રતિ વ્હેતી :
આર્દ્ર ઉરે સંદેશ કહેતી :
અદ્ભુત પ્રેરક–વ્યષ્ટિ – સમષ્ટિ
વ્યુત્પત્તિ પ્રભુની ।
ઉકેલે વ્યુત્પત્તિ પ્રભુની ।

દિવ્યોત્પત્તિ તું નીતિની
શાશ્વત સ્નેહ પ્રતિકૃતિ સ્વામિની
સાગર – પ્રેમલ પ્રેરતી – જ્યોતિની
શી અદ્ભુત વિભૂતિ ।
પધારો ઓ અદ્ભુત વિભૂતિ ।
૧૫–૧૦–૦૯

– ૦ –

૬૩

૪૩

## 'ભવોભવની હું તારી છું'

પૂછો છો શું હવે, વ્હાલા? ઉકેલી લ્યો સખે, હૈયું :
કહું કે ના કહું તો યે ભવોભવની તમારી છું :

ભર્યાં ભરપૂર, ઓ વ્હાલા ! શું સાગર મૂકશે માઝા !
મૂકે તો છો મૂકે ! હું તો ભવોભવની તમારી છું !

ભલે રવિ પશ્ચિમે ઊગે : ઉરે આકાશ છો તૂટે !
છતાં છું પ્રેમની દાસી ભવોભવની તમારી છું .

નથી ઇચ્છા: નથી તૃષ્ણા: અશ્રધ્ધા કે નથી ભીતિ :
ઉરે છે એક ઓ વ્હાલા! "ભવોભવની હું ત્હારી છું."

કહે તો સજ્જ છું સંગે : કહે તું તો રડી રહેવું :
ફકીરણ પ્રેમની તારા ભવોભવની હું તારી છું .

ન ચિન્તા છે કશા સુખની: ન પર્વા છે હવે દુઃખની !
જીવું છું સ્નેહમાં તારા! ભવોભવની હું તારી છું .

નથી ડગ પાપમાં દીધું: તપે છે તું : તપું છું હું :
લીધું વ્રત પ્રેમનું, પ્યારા ! બિચારા લોક પામે શું?

જગતથી છે પ્રભુ મોટો: ન દાવો પ્રેમનો ખોટો :
હરૂં ફરૂં ને સ્મરૂં હરદમ : ભવોભવની હું તારી છું.

રડી રડીને ખૂટયાં આંસુ, હવે તો લોહી વ્હેવાનું :
ભલે નિર્માયું એ વ્હાલા! ભવોભવની જ તારી છું.

લખું ના કે મણું કહિં ના ! થયું શું તોય, ઓ વ્હાલા !
હું જાણું છું : તું મારો ને ભવોભવ હું જ મ્હારી છું .

શરીર કબજે પડયું, વ્હાલા ! જીવે કે એ મરે તો શું?
પરન્તુ પ્રેમની દાસી ભવોભવની હું ત્હારી છું .

૧૭-૫-૧૦ — ૦ —

૬૫

૪૪

## આગન્તુક મિત્રને યાચના

મીઠડા દ્હાડલા બન્ધુ! વિક્ષુબ્ધેગ ભરી વહે :
અરેરે ! તીવ્રતા એવી દાઝતા દિલને દહે !

સ્વસ્તિ શ્રીના સ્મરણથી હૃદયાશ્રુભીની !
સૈબીરિયા સમી, સખે ! વનવાસભૂમિ !
જો ! આ સ્થલે પ્રણય કેવું જીવી શકે છે !
જો ! વાનપ્રસ્થ ઉર દગ્ધ વને તપે છે !

બાણશય્યા નથી કીધી: પાથર્યાં કંટકો સખે !
પ્રજ્વલન્તાગ્નિ જો, બન્ધુ ! જો! જો! આ ભડકા બળે !

ચોપાસ, બન્ધુ દવ જો ! વનમાં ઉઠેલો :
ને વર્ષતો અનલ ઉપરથી તપેલો :
કેવી વિલક્ષણ બિમારી મહીં પડેલો,
જો મિત્ર, બન્ધુ તુજ ત્યાં બળતો ઉભેલો !

ભર્યો છે ભાર હૈયામાં : ઓ બન્ધુ ! દુઃખ થાય છે:
જાય છે તું, સખે ! તેથી હૈયું ચીરાઇ જાય છે :

પ્રિય સ્વજનને આવો દેખી અશાન્ત દુઃખી થતો,
વ્યથિત ઉરથી જોયો તુંને ઉદાસ થઇ જતો :
પણ પ્રિય સખે ! મ્હારાં દર્દો બધાં અનિવાર્ય છે :
અરર ! પણ એ હૈયામાં તો બહુ દુઃખકાર છે.

૬૬

ત્હારાં આંસુ નથી ચૂમ્યાં: મ્હારાં એ દાખવ્યા નથી:
જવું ના ના ઘટે બન્ધુ ! મ્હને આમ ત્યજી દઇ !

અસ્વસ્થ છું: કલાન્ત અતિ ઉરે હું
આવ્યો પ્રભુ પ્રેરિત આ સ્થલે તું :
વ્યાકુલ છું પ્રાર્થી શકું, સખે ! શું ?
બની શકે તો વધુ ઠેરજે તું .

અરેરે ! જાય છે બન્ધુ ! મ્હને આમ ત્યજી દઇ !
બને તો મિત્ર ! યાચું છું: થોડો વખ્ત ઠરો અહીં:

રોવાનું ચાલ્યું ગયું : રોઇ નથી શકાતું :
યત્નો કરું છું : પણ, બન્ધુ ! નથી લખાતું !
ઇચ્છા છતાં ન મુજ દર્દ કહી શકાતું !
ને ઓ સખે ! પ્રિય સખે ! ન સહી શકાતું !

માયાળુ બન્ધુ ઓ પ્યારા ! આ હૈયું ઠરતું નથી :
કૃપા યાચું સખે ! પ્રાર્થું : ત્યજી આમ જવું નહીં .
૨૦-૬-૧૦

– ० –

૪૫

## શા માટે?

શા માટે મુજ દર્દથી દુઃખ કરું વ્હાલાં ઉરોને હવે?
શા માટે જ શરીર જંગલ હવે એકાકી આના તપે ?
શા માટે મુજ કાજ આ શ્રમ બધો, રે! રે! બિચારાં સહે ?
ના!ના! ના! સુખ શાન્તિ બન્ધુજનની ના! ના! લુટી ઘટે

૯-૯-૧૦

– ૦ –

૪૬

## બરાબર બોલ, ઓ દુશ્મન !

ડરે છે કે ડરાવે છે? બરાબર બોલ, ઓ દુશ્મન !
ફૂડે છે કે ફડાવે છે? બરાબર બોલ, ઓ દુશ્મન !

હસે છે કે રડે છે તું? બરાબર બોલ, ઓ દુશ્મન !
વહે છે ખૂન કે આંસુ? બરાબર બોલ, ઓ દુશ્મન !

ચહે છે હક અગર તું ગમ? બરાબર બોલ, ઓ દુશ્મન !
ગમે બેહિશ્ત કે જહાન્નમ ? બરાબર બોલ, ઓ દુશ્મન !

તલાશે તું કમાયો ખાર ? બરાબર બોલ, ઓ દુશ્મન !
અગર લાધ્યો ત્ને અંગાર? બરાબર બોલ, ઓ દુશ્મન !

તું છે મુફલેસ કે ઝહરી? બરાબર બોલ, ઓ દુશ્મન !
અગર નાદાન છે વૈરી ? બરાબર બોલ, ઓ દુશ્મન !

૮-૩-૦૯

– ૦ –

૪૭

## પરિચિત મહાત્માને

તું માનવી નહીં, વિશ્વ નહીં, માયા નહીં યદિ કોણ છું!
છું કોણ? ત્હારા ધર્મ શા? જાતે જ તું વિચારજે.
આ વિશ્વનો વાસી છતાં છું વિશ્વને આધીન? ના–
તું વિશ્વમાં વસીને સુગંધી વિશ્વમાં પ્રસરાવજે.

તું રત્ન છું અતિ મૂલ્ય શું: સામાન્ય એ સ્હમજીશ ના,
ત્હારા પ્રકાશે તિમિર તું આ વિશ્વનું નિવારજે.
યત્ને અસાધ્ય કશું નથી એ સૂત્ર છે અજ્ઞાત? ના!
આશા હમારી પૂર્ણ કરજે ઇષ્ટ એ અભ્યર્થના!

મૂંઝવાઇને: ગૂંચવાઇને: અથડાઇને સ્નેહે પછી
પ્રીતિ ધરી, ઇચ્છા કરી, તુજ યાદમાં રોળાઇએ.
ઇચ્છા હમારી એ ખરી: ઇચ્છા હમારી એ નહીં!
ખાવિન્દના દરબારનો આદેશ તુઝને એ જ છે.

આશા હમારી એ જ છે – આશા હમારી એ નહીં!
આશા નિરાશા થાય ના! ઇચ્છા અધૂરી રહે નહીં!
આજ્ઞા જ એ અવિનાશીની આદર ત્હને કેવું ઘટે
તું માનજે આ સ્નેહીનું! એ મિત્ર ભક્ત ભવિષ્યનો.
ઇ.સ. ૧૯૦૬

— o —

૪૮

## રાહુએ ઘેરેલી ચન્દ્રિકા

ગ્રહણ લાગ્યું ત્હેને ચન્દ્રા: અને જળ સાગરે થંભ્યા !
ત્હને ઘેરાયેલી દેખી સમુદ્રે શાંત છે મોજાં .

બહેની ! સુરલોકેથી પીધું છે ત્હેં અમર પ્યાલું :
અસુર રાહુ નડે તો યે લખ્યું એ કિસ્મતે બાપુ !

અસુર સૌ રાક્ષસી નેત્રે બધું પોતા સમું દેખે !
અને, તેથી ત્હેને, બાપુ ! હજી યે દૈત્ય એ પીડે !

અસુર ને સુરના યુધ્ધે સદા યે સુર સ્હેતા'તા :
પરન્તુ, છેવટે સ્વર્ગે અસુર હારી રહેતા' તા !

વિચારે શું ? વિમાસે શું? કસોટીએ ચઢી ચૂક્યું:
ખરું સોનું : નથી જૂઠું : જૂઠું તે સૌ પડે ખોટું.

અરે ઓ ચન્દ્રિકા બ્હેની ! ગ્રહણ લાગ્યું ! થયું તો શું?
સહાયે સ્વર્ગ છે આખું ! ન સાચું વિશ્વ આ જોતું !

ભગીરથ સ્વર્ગ ભૂમિથી અહીં ભાગીરથી લાવ્યો :
અને, સુર–સાગરે, બ્હેની ! તરંગી ખ્યાલ એ આવ્યો !

અમી વરસાવજે, ચન્દ્રા ! સ્હેવાનું સહી લેજે :
અને, ચૈતન્ય સાગરમાં ગમે તો તું ભરી દેજે !
૨૨–૧–૦૯

– ० –

૪૯

## એક પરિચિત સખીને

ત્હારે માટે બહુ, બહુ સખિ ! ચક્ષુઓ મેં ભીંજાવ્યાં,
ત્હારે માટે બહુ, બહુ સખિ ! સ્નેહીઓને દુભાવ્યા.
ત્હારે માટે બહુ, બહુ સખિ ! ધૈર્ય ધારી રહ્યો હું,
મ્હારે માટે બહુ, બહુ સખિ ! બોલ ખોટા સહી હું.

વ્હાલી ! વ્હાલી ! પ્રિય ભગિનીઓ ! રોજથી આજ વ્હાલી,
આ હૈયામાં પરમ શુચિતા રેડજે રોજ વ્હાલી !

વ્હાલી બ્હેની ! દિલગીર બહુ, મુખ ત્હારૂં નિહાળી !
વ્હાલી બ્હેની ! દિલગીર બહુ, દુઃખ ત્હારૂં વિચારી !
વ્હાલી બ્હેની ! દિલગીર બહુ, થૈ શકું ના વિભાગી !
કે વહિન હું તુજ દુઃખ તણા રે ! શકું ના બુઝાવી !

આજે બ્હેની પરમ સુખ છે, શાન્તિ છે, ભવ્યતા છે !
તું દુઃખી છે તદપિ તુજમાં શુચિતા રમ્યતા છે !
ત્હારા દુઃખે મુજ હૃદયમાં પ્રૌઢ પૂરી મૃદુતા !
ત્હારા મિત્રે મુજ ગરીબને પાઠ ઊંડા પ્રબોધ્યા !

બ્હેની ! આહીં કંઇ પણ નવું કોઇ બોધી શકે ના !
બ્હેની ! આંહી અપર જન કો દુઃખ લેઇ શકે ના !
બ્હેની ! ના ! ના ! જગત પર કૈં આહીં ઇન્સાફ થાશે !
બ્હેની ! ના ! ના ! પ્રભુ દૃગ વિના શુધ્ધ જ્યોતિ જણાશે !

૭૧

તું આપે જે તુજ પ્રણયીને તે જ આપે ત્હને તે !
શાને આશા કંઇ પણ વધુ વ્યર્થ રાખે, અરે રે !
ત્હારો સાથી નિજ હૃદયનું રક્ત મોંઘું સિંચે જ્યાં,
શાને બાપુ, કઠિન બનીને રેડતી ક્ષાર તું ત્યાં? !

ઝાઝું શું હું કહી શકું હવે ! વ્યર્થ કહેવું થયું છે !
તુંને, ત્હેને જગપતિ હવે દોરશે યોગ્ય માર્ગે ,
વ્હાલી બહેની ! હૃદય સ્હમજી સહાય થાજે પતિને,
ને ત્હેનામાં તુજપણું, દઇ બહેન, રાજી થજે તું !

એ ત્હારો છે, તું પણ થઇ છું ! બ્હેન ! એની સદાની !
એ ઇચ્છાઓ તુજ સહુ કરી રાખજે સખ્ય, વ્હાલી !
વ્હાલી બ્હેની, અવરજન કો કાંઇ ક્યાંથી કહેશે ?
થાકેલાની ચરણ દુઃખતાં કોઇ ચાલી ન દેશે .
૧૯૦૫

– ० –

૫૦

## જવા દે જંગલે ચાલ્યો !

અજબ સૌન્દર્ય ત્હારામાં દીઠું પ્રત્યક્ષ, ઓ દેવિ !
મીઠું તુજ હેત હૈયાનું થતું અપરોક્ષ, ઓ દેવિ !

અહો! તું ઉદાર છે, વ્હાલી! દયાથી પૂર્ણ ઓ દેવિ!
ન જોવાતું છબિ સ્હામે ! જતો ઝંખાઇ હું, દેવિ !

અરેરે! હાય ! પામર છું: હજી તો છેક છું પાપી :
નિભાવી લે મ્હને દેવી ! બને તો આપજે માફી !

ખરે ! તુજ પ્રેમને માટે ન લાયક છું હજી યે હું :
છતાં યે ઘોર પામરને તું ચાહે છે હજી યે શું ?

ભટકતો છું : ભિખારી છું : નથી કૈં માલ કે મિલકત:
જગતથી છેક છું જુદો : અજબ મ્હારૂં રમે કિસ્મત !

હજી લાયક વધુ થાવા, રજા દે જંગલે જાવા :
શરીરે રાખ ચોળીને હવે બનવું ઘટે બાવા :

સુકોમલ દેવીને દુઃખી કરૂં હજી ! એ ન સ્હેવાતું :
દયાની, પ્રેમની મૂર્તિ ! હવે તો એ ન વેઠાતું !

રજા દે યા સજા દે તું: ત્હને અન્યાય છે મ્હોટો:
નથી અધિકાર માફીનો: ઉરે છે એ જ એ ધોખો.

હું જેવા ક્રૂરની કેવી દયા ખાવી હવે, દેવિ!
જવા દે જંગલે ચાલ્યો : ભલે ~~તપે~~ ખાકી, દેવિ !

દયાલુ ભગવતિ! દેવિ! હું ત્હારાં આંસુમાં ન્હાલ્યો :
થવા જોગી હવે સાચા જવા દે જંગલે ચાલ્યો !

સજા દે યા રજા દે તું : વિશુધ્ધિ પામવા, દેવિ !
જવા દે જંગલે ચાલ્યો , પ્રણયતપ તાપવા, દેવિ !!
૧૭–૯–૧૦

— ० —

૫૧

## એક ચિન્તા

હાય ! કઠોર હું થાઉં વધુ વધુ !
વ્હાલપ દે પ્રભુ, તેમ વધુ વધુ !
ભાર વધે ઉર રંક વધુ વધુ !
હુંથી ન વેઠાતું !
પ્રભો ! ઓ ! ભાર ત્હને સોંપું !
૧–૧૦–૧૦

— ० —

૭૪

૫૨

## મુકદ્દમો

બેત

દાવો, અયે આશક ! લખે? ઓ દિલ ! જરી ખટકે નહીં?
ઇકબાલ યા ! કાફિર કલમ, સાગર ! મગર અટકે નહીં !

મુકદ્દમો

દાવો:-

કટોરી ઝહરની ડાબે ! કરે જમણે ખડી તલવાર !
કદમ હિમાચલે ચાલે ! જિગર કાયમ તું માં, દિલદાર !

શકે ના જોઇ તું, દિલબર ! ફરીરી ખાક આ દિલબર !
ડરે છે દેખીને પ્યાલી ! રડે તું જોઇને ખંજર ?

જરા ત્હારી નઝર ફરતાં હિમાચલ યાર છે તૈયાર !
અગર ઇન્કારતાં યારી કટોરી આ ભરી, દિલદાર !

કદમ-ચાહ્યું-ચૂમું ત્હારાં! ચહે તું ત્યાં હુકૂમદારી !
ખબર લે રૂસ્તમી ખંજર ! વગર ડર ખુલ્લું બેધારી !

કરે તારીફ જરી ત્હારી, પગે હું લોટનારો ત્યાં !
મગર તું પર હુકમ ચલવે ! ખૂને ખૂન વ્હેવરાવું ત્યાં !

અયે! માલીક ! મ્હારા પર વગર હક જે હુકૂમ ચ્હાશે
કપાશે તે- ચીરાશે તે ! ભલે હથિયાર હરખાશે !

ખુદાથી, ખલ્કથી અથવા ડરું ના મોતથી દિલદાર !
ખુદા મ્હારો જબાં ત્હારી! જિગરનો નાખુદા તું, યાર !

ખતમ કરૂં દમ ! જૂઠા દાવા ! જવું નથી ફિલસૂફી ફેરવા !
વહે દરિયા ભલે રાતા ! હું દિલબર ! છેક બેપરવા !

રઝા દે, બોલ ઓ માલેક ! અરે ડોકું હલાવી દે ?
અને, સમશેર આ તરસી બધી પીડા પતાવી દે !

કદમ ધોવા-પીવા હાજર ત્હને કદમે ઝૂકે તેના !
ચહે સત્તા ! મગર તું પર ! સિતમ ગમ કિસ્મતે એના !

વચન પર રાહ જોતો આ ખડો તુજ ઇશ્કનો જોગી !
તજી ગફલત હજી ગાફિલ ચહે જો તુજ કદમ બોશી !

જહાં ઉલટે, બદન પલટે, અગર રૂબરૂ ખુદા કહેશે !
મગર સાગર ન કાફિરને તું પર ફાવી જવા દેશે !

સૂનવણી:-
"ભલા! ખામોશ બા, દિલબર ! કતલ કર ના, કતલ થા ના!
"જરી વધુ ઠેરી જા, જોગી ! ન થા દુઃખી ન ચાલ્યો જા!

"ચહાવામાં તું છે કાબિલ ! મગર સ્હેવું ખુદાઇ છે !
"અને આશક બને મુરદું ! કહે ત્યાં શી બડાઇ છે ?

"સિતમ નથી યા નથી દુશ્મન ! બધે છે ઇશ્કની આલમ !
તહીં કયાંથી, સખે ! ત્હારાં હજી ચશ્મો જુવે જાલિમ ! !

"કરી તલવારના ટુકડા! જહરની પ્યાલી ઢોળી દે !
મીનોઇ મુલ્ક છે અંદર ! બરાબર સર કરી લે એ !

"મીંચી દે ચશ્મ ! તું રો ના ! દિવાના યાર ઓ મ્હારા !
"મ્હને નથી દર્દ ! અય પ્યારા ! ભૂલી જા આંસુની ધારા !

દાદઃ—

રહમદિલ ! સંગદિલ મહબૂબ ! તમારી એ જ મરજી છે ?
વગર નજરે શું આ ઇન્સાફ ? અરેરે ! એકતરફી છે !

કહીં છે ઇશ્ક ? છે માયા ? જીતે શું દુનિયાદારી ?
ન કાં ભોંકું, અરે અફસોસ ! કટારી છાતીમાં મ્હારી ?

મીઠી યારી કટારીની ! મીઠી મુજ તેથી લાચારી !
મગર, સૌથી મીઠી ત્હારી ઠરી, દિલબર,! સિતમગારી !

રહમના નામ પર શરમે વકાલત વેરીની ધારી ?
ફરેલી ફિલસૂફી નીચે અદાલત ગેબી છે ત્હારી ?

ભલા ! શયતાનને હાથે કપાવે તું જ આ ગરદન ?
ગમે તે કર ! ભલે દિલબર ! દુઃખી હું ! તું સખી આમેન !

કહે તોઃ આ, કરી ટૂકડા બદનના કાપી કાપી દઉં ?
અગર ફરમાન કર : દિલબર ! કલેજું આ ઝૂઝૂ કરી દઉં !

નજર મગર તું પર કરતા હરીફ હરગિઝ નહીં છોડું ?
ઝમીં અસમાં કરૂં ઇકતન ! મગર બેશક ચશ્મ ફોડું !

ચહે નાપાક કાફિર છે જબાં તું સાથ બેઅદબી —
થતાં અસ્માની સુલતાની ઝબેહ કરું એ જબાં જૂલ્મી !

પૂરી મંજૂરી દે મહબૂબ ! ફકત હક એક છે આખિર !
કબરમાં યાર સૂતો છે ! કફનથી ઢાંકજે દિલબર !

પીધેલાને ફરી પાયો શરાબે નૂર , ઓ દિલબર !
મગર આખિર તું કર હાજર : કટોરી કારી ને ખંજર !

કબૂલ ! ફૂલ ઝિન્દગી છે ફૂલ ! લગાવું હૂલ આ હૈયે !
જળી ગયું દિલ ! બળી અક્કલ ! જીતે કિસ્મત ! સુખે સરીએ !

મગર અંજામની અરજી જરી મરજીથી સાંભળજે :
બને તો, બેગૂનાહ મર્હૂમ દિવાનો યાર આ કરજે !

સવાલ:
"સબૂર કર ! યાદ કર મઝહબ ! જિગરાં આ બેવકૂફી છે !
"ભૂલે કાં, યાર તું, દિલદાર ! ખરો દીનદાર સૂફી છે !

"અયે! દિલબર ! યકીન ધર તું ! ખુદાની નેક સોટી છે !
"ડરે છે કાં? ડગે તું કાં? બધી આ તો કસોટી છે !

"વફા છે તું ! અરે પ્યારા ! ન રો મ્હારા કસમ આપું !
"અહીં અહીં આવ તું, વ્હાલા ! જિગર જિગરે દબાવું છું !"

જવાબ:—
લિયાકત ના ! નથી કૌવત ! કદમબોશી ચહું, દિલદાર !
ગુનાહના ગંજમાં ગમખ્વાર દટાયેલો છું તાબેદાર !

અજાણ્યો મુલ્ક અક્કલનો ! સનમના નામનો જોગી !
ઉદાસી ! પ્યાસી પણ ત્હારો, ન જન્નતનો જરા ભોગી !

૭૮

રહમ ધર ! દરગુઝર કર તું ! ઝૂકયું છે દિલ ! ઝૂકે ગરદન !
કદમ સર પર મગર ધરતો, અહા ! ખુશબખ્ત આ તનમન !

ફેંસલો:—
"ગરીબી રો નહીં, વ્હાલા! ન થા ઘેલો: ન થા ગાફિલ !
"નવી આંખે નવી પાંખે ઉડું છું: જલ્દી થા શામિલ !

"હવે બ્રહ્માંડમાં છે એ : અરે બ્રહ્માંડમાં હું છું :
"મિલાવો એ અમારો છેઃ નથી જ્યાં પ્રેમ ત્યાં ના હું !

"જિગરની લાગણી ત્હારી પિછાનું છું: કબૂલું છું !
"ન દિલ પરહેજ આ બિલકુલ, તું લે કોલ આપું છું !

હાલ:—
મિસરના તખ્ત પર ઓહો! યુસુફ આજે બિરાજે છે !
શરાબી રંગ નવરંગી બધું બેહિશ્ત છાંટે છે !

અહો ! દિલબર ઝુલેખાનો! કિનારી ચંદ્ર શો શોભે !
ખુદા યે ખુદ બ ખુદ જોવા લઇ ફુરસદ ઘડી થોભે !

નવું જોબન ઝુલેખાનું નવું નવું નૂર ધારે છે !
અહાહા! ઇશ્ક હક ! આહા! ઝમીં અસમાં પુકારે છે !

અહેવાલ:—
ખુલે છે જેમ આ જોલિમ: જૂઠી આ બેડી તૂટે છે :
ઝુલેખા ! ખામુખા ચૂમી લે ! યુસુફ દિલદાર છૂટે છે !

બ-દગી:-

શચૂર

ખ્વાહિશ અગર ચૂમું કદમ ! પર લ્યાકતી નહીં !
ઇબારતે ઇબાદતી, અફસોસ ! અય ! માલૂમ નહીં !

હાય ! હું ત્હારી તરેહ ફિલસૂફ નહીં !
યા પૂરેપૂરો હજી બેવકૂફ નહીં !.

૧૭-૮-૧૧

- o -

૫૩

## ભૂલી નવ શકું પ્યારી, તુજને !

વસે છેટે કિન્તુ ભૂલી નવ શકું, પ્યારી! તુજને,
સુખી દુઃખી તોયે નવ ભૂલી શકું પ્યારી! તુજને,
લખે તું ના તો યે નવ ભૂલી શકું પ્યારી! તુજને,
સ્મરે તું ના તો યે વિસરી ન શકું પ્યારી! તુજને,

સ્મર્યાં વિના તુંને સજલ નયને નિત્ય હૃદયે,
કર્યાં વિના ખાલી હૃદય વળી એકાન્ત સમયે,
અને ગાયા વિના પ્રણય સ્મૃતિનાં સંગીત સદા,
દિનો દુઃખી લાંબા તુજ વિરહના ના જ વીતતા !

સખે મ્હારૂં સારૂં જીવન સુખ તે સર્વ મુજ તું,
સગાં સ્નેહી સર્વે મુજ હૃદયનો આશ્રય જ તું!
સખી! ત્હારૂં મ્હારૂં મુજ સફલતા સર્વ પણ તું!
અને જે જે મ્હારૂં નિજ ગણું નકી તે ય મુજ તું!

વિયોગે તે ત્હારા મુજ હૃદયમાં શું નવ થશે?
વિચારી જો, હૈયું મુજ તફડતું જોઇ શકશે ?
હશે ઇચ્છા ત્યાં સુધી વિરહથી તપ્ત વસવું,
અને કલ્યાણાર્થે પ્રણય વિરહે દર્દ સહવું !

લખું વારે વારે હૃદય પ્રણયે પત્ર તુજને ,
સ્મરું આવી રીત્યે હૃદયથી ત્હને હું નિશદિને,
સખિ! વ્હાલિ! મ્હારી! પ્રિય પ્રણયશિષ્યા! સ્મરૂં ત્હને,
અને કો દિ, વ્હાલિ ! ભૂલી નવ શકું પ્યારી! તુજને !

વિરહ સહતાં હું નિશદિને
સ્મરણ કરી ત્હારૂં સખી ને
રુદન કરતાં તૃપ્ત થઇને
દિનો ગાળું, કિન્તુ, ભૂલી નવ શકું, પ્યારી! તુજને !

– ૦ –

૫૪

## ગુરો મંગલ ! ગુરો મંગલ !

મરણ મીઠું કર્યું વાહ ! ગુરો! મંગલ ! ગુરો! મંગલ !
ધરમનું નાવ ઉધ્ધાર્યું ! ગુરો! મંગલ ! ગુરો! મંગલ !

નથી નથી દેહનું અભિમાન– નથી જાતિ અજાતિભાન
બન્યો બેભાન હું ગુલતાન– ગુરો! મંગલ ! ગુરો–મંગલ !

સ્વયં સચ્ચિત્ ! ગુરુ ઇશ્વર–વિભો! ગુરુદેવ સચરાચર.
સમાધિ ઘન મહાસાગર ! ગુરો! મંગલ ! ગુરો મંગલ !

પિતા માતા ગુરુ દાતા જગત ત્રાતા જગન્નાથ !
જગન્મંગલ ! સ્વયં મંગલ ! ગુરો! મંગલ ! ગુરો! મંગલ !

અહો સાગર અહો સુગુરો ! અરૂપી સ્વર સુણું સુભરો–
શમાવું કયાં બીજે ઉભરો ? ગુરો! મંગલ ! ગુરો! મંગલ !

– ૦ –

૫૫

## બાલક્રીડન

હસતું કોમલ મન્દ વિલાસમાં
રમત સાત્ત્વિક ખેલતું મૌનમાં
હૃદયની વિકસાવતું આર્દ્રતા
જન ઉરે શિશુ રેડતું રમ્યતા.

વદન રમ્ય અને હસતું દિસે
પરમ ઊર્મિ નિગૂઢ ઉરે વસે,
કરી પૃથક્કૃતિ એ જન ના શકે
વિવશતા ફરી એમ મળે જગે.

ચપલતા દીસતી મૃગનેત્રની
તરલતા જબરી કર – પાદની !
કૃતિ ગતિ બધી રુચતી બાલની
શિશુ ક્રીડાની મનોહરતા અતિ!

ધ્વનિ વિષે મૃદુ અસ્ફુટતા દિસે
રસિક વત્સલતા સુણતાં સ્ફુરે !
હૃદયભાવ અલૌકિક ઉભરે ,
સ્મરણ શૈશવનું ઉર વિલસે !

અબુધતા જહીં પુણ્ય વિરાજતી,
મલિનતા ન વસે જહીં સ્વાર્થની,
વિવિધ જ્યાં ભય, ગ્લાનિ જરા નથી,
વિમલ એ સ્થિતિ શૈશવ કાલની .

– ૦ –

५६

## ભવતું ભવ૦દાર અંદરનું

ભવતું ભવ૦દાર અંદરનું । પરિવ્રાજક ગુરુ ઘરનું ।
ખપાવ્યું નામ સાગરનું । ગુરો!મંગલ । ગુરો!મંગલ !
ભવતું.

નિરંજન છું હું નિજધામી– અનુભવ છે અગમગામી
મહાત્યાગી મહાનામી – ગુરો મંગલ ! ગુરો મંગલ !
ભવતું.

શિવોહમ્ છું! હું હંસ છું મહાજ્ઞાની હું ચિદ્‌ધન છું.
સદા ૐ પૂર્ણ: સ્વ છું. ગુરો!મંગલ ! ગુરો!મંગલ !
ભવતું.

પિતા મંગલ । પ્રભુ મંગલ । જનમ મંગલ ! મરણ મંગલ ।
હું યે મંગલ ! તું યે મંગલ ! ગુરો!મંગલ । ગુરો મંગલ !
ભવતું.

અમીરસ ઉભર્યો સાગર – મહાસવિતા હું રત્નાકર
કમાયા શું અમે? ગુરુઘર– ગુરો!મંગલ ! ગુરો!મંગલ !
ભવતું.

– ૦ –

૮૪

૫૭

## ગુરુ ! ગુરુદેવ ! જય ! મંગલ !

ગુરુ! ગુરુદેવ! જય ! મંગલ ! સદા ગુરુદેવ જય મંગલ !
રગે રગ જ્ઞાન છે અવિચલ ! શિવોહમ સત ! શિવોહમ્ સત્ !!
ગુરુ

નિરંજન રૂપ હંસાજી ! જીતાડી બ્રહ્મની બાજી !
સદા નિર્મલ ! ગુરુ ! મંગલ ! શિવોહમ્ સત્ ! શિવોહમ્ સત્ !!
ગુરુ

સદા નિર્ગુણ ! સદા કેવલ ! અનુભવ છે મહા ઉજ્જવલ !
મહા મંગલ ! ગુરુ મંગલ ! શિવોહમ્ સત્ ! શિવોહમ્ સત્ !!
ગુરુ

મૂકયો છે કર પરમહંસે, સ્વદેશી સ્વર ગ્રહ્યો હંસે !
નહીં- ઉન્મત્ત! નહીં ચંચલ ! શિવોહમ્ સત્ ! શિવોહમ્ સત્ !!
ગુરુ

ત્રિગુણ પરમન - અમન પાવન ! ગુરુ ગુરુદેવ સચ્ચિદઘન !
રટણ હરદમ ગુરુ મંગલ ! શિવોહમ્ સત્ ! શિવોહમ્ સત્ !!
ગુરુ

— o —

૫૮

## હાલો હાલો જઇયે રે

હાલો હાલો જઇયે રે હળુ હળુ જઇયે રે
રહીએ ગુરુ કેરે ગામ,
લેવું દેવું કંઇ યે રે હાં કહીએ રે
चिन्तामणि ગુરુ નામ.

જાયા महाराज ગુરુને નામે, આલોકયા ૐ ઝરણંકાર
ભેદાભેદ વિના વશ કીધા, જેનો છે જયમ અધિકાર હે
હાં દગો સગો ન્હોયે રે હરિ ૐ હરિ હઇયે.
હાલો હાલો.

ગુરુઘરથી સન્તો! ગુરુઘરમાં લખીઓ છે वायजा पुक्का
અધવાર કેવું આરામે ! જાગે અલખા ગુરુ રામ રે !
હાં! નાચો રાચો નટડી રે ચેતન ચિત ચહીએ
હાલો હાલો.

સબરસ ભોજન પાવે નિત્યે ગાવે નવે રસે ગાન,
થાપ્યા સેતુ મહાસાગરી એ પોતે પુરુષ પુરાણ રે –
આ નૌતમ લીલા નિરખી રે દત્ત દિગંબર એ.
હાલો હાલો.

– ૦ –

૫૯

## યુધ્ધમંત્રણાની ગઝલ

For the King and the country.

ચલોજી! ઓમ!હર! હર ! હર !
બહાદુર હિન્દ કી જય ! જય !
તું હિ અલ્લાહુ હક અકબર !
બ્રિટન બહાદુર કી જય ! જય !
ચલોજી ! ઓમ !.

નથી નથી શિખવ્યાં અસ્ત્રો !
જપ્ત કીધાં બધાં શસ્ત્રો !
વીરાઓ! દરગુઝર કરજો- કુલીન છો
આર્ય પુત્રો! અય !
કર્યું સામ્રાજ્ય સો વરસો- ચલો!જી ! ઓમ !
કીધા ગંભીર ગુણદોષો
હવે તો યાર અંગ્રેજો ! બૂઝો આ ,
હિન્દ જગ વિસ્મય !
ચલોજી ! ઓમ !.

જુઓ અમ દેશને કાજે – * *
અમારા રાજને કાજે – *
હિમાચલ શા ઊભા આજે – અજીત જોધ્ધા અને નિર્ભય !
ચલોજી ઓમ !

કરોડોનું ખડું લશ્કર –
વફા જ્યાં હર જિગર હાજર –
અગર ચોક્કસ કહે સાગર – પ્રજાસુખમનં : :
વિજય નિશ્ચય
ચલો!જી ! ઓમ !

– ० –